# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 235 | Dt. 06-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


## SIRના સુધારિત ફોર્મ-૬ને મંજૂરી નથી

### વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટનું કડક વલણ : ગેરકાયદે કામ થયું હશે તો પરિણામ ભોગવવું પડશે : CJI સૂર્યકાંતની મહત્વપૂર્ણ ટિપ્પણી




નવી દિલ્હી, તા. ૫

દેશભરમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક ટિપ્પણી કરી છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે મતદાર યાદીમાં નવા મતદારોની નોંધણી માટે ઉપયોગમાં લેવાતા ફોર્મ-૬ માં કરવામાં આવેલા કોઈપણ ફેરફારને સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી નથી. જો આ પ્રક્રિયામાં કોઈ ગેરકાયદેસર કામ થયું હશે, તો તેનું પરિણામ ભોગવવું પડશે.

ફોર્મ-૬ માં ફેરફાર કોણે કર્યા તેની તપાસ થશે સુનાવણી દરમિયાન બેન્ચ સમક્ષ જ્યારે એ વાત સામે આવી કે SIR પ્રક્રિયા હેઠળ ફોર્મ-૬ માં ફેરફાર કરવામાં આવ્યા છે, ત્યારે અદાલતે આ અંગે આશ્ચર્ય અને નારાજગી વ્યક્ત કરી હતી. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, ''અમે ફોર્મ-૬ માં થયેલા ફેરફારોને કોઈ મંજૂરી આપી નથી. જ્યારે સંબંધિત રેકોર્ડ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવશે, ત્યારે અમે બારીકાઈથી તપાસ કરીશું કે આ ફેરફારો કોના દ્વારા અને કયા આધારે કરવામાં આવ્યા હતા.''

સુનાવણી દરમિયાન અરજદાર પક્ષ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મેનકા ગુરુસ્વામીએ જણાવ્યું કે આ સમગ્ર પડકાર એક રાષ્ટ્રીય બંધારણીય સંસ્થા તરીકે ચૂંટણી પંચ (ECI) ની કાર્યપદ્ધતિ સામે છે. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) ની કામગીરી પર સવાલ ઉઠાવતા કહ્યું કે, ''આપણે સૌ આ દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીના વાતાવરણમાં મોટા થયા છીએ, પરંતુ આજે પરિસ્થિતિ એવી રહી નથી.''

દિલ્હીનું તાજેતરનું ઉદાહરણ આપતાં તેમણે અદાલતને જણાવ્યું કે, દિલ્હીમાં જીંછ પ્રક્રિયા દરમિયાન ફોર્મ-૬ માં મનસ્વી રીતે બે નવી શરતો ઉમેરીને સુધારેલું ફોર્મ બહાર પાડવામાં આવ્યું હતું. આ દલીલ પર CJI સૂર્યકાંતે ભારપૂર્વક કહ્યું કે, ''અમે પણ અમારું હોમવર્ક કરીએ છીએ અને કેસની તમામ વિગતોથી વાકેફ છીએ. સ્પષ્ટ નોંધી લો કે અમે આવા કોઈ બદલાયેલા ફોર્મ-૬ને મંજૂરી આપી નથી.



## ચૂંટણી પંચ સામે કોંગ્રેસનો મોરચો

## નવેમ્બર સુધી દેશવ્યાપી આંદોલન

### મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીની આગેવાનીમાં યોજાયેલી મહાબેઠકમાં રસ્તાથી સંસદ સુધીના વિરોધ પ્રદર્શનોની તારીખો અને રણનીતિ જાહેર કરાઈ

નવી દિલ્હી, તા.૫

ચૂંટણી પંચની નીતિઓ અને કથિત 'વોટ ચોરી'ના વિરોધમાં કોંગ્રેસ દ્વારા દેશવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવનાર છે. દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ અંગેની રણનીતિ ઘડવામાં આવી હતી. ૬ ઑક્ટોબરે ઈન્ડિયા ગઠબંધનના તમામ સાંસદો સંસદ ભવનથી ચૂંટણી પંચ સુધી શાંતિપૂર્ણ માર્ચ કરી પંચનો ઘેરાવ કરશે. આ આંદોલનનો મુખ્ય હેતુ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા અને મતદાર યાદીમાં નામ ન હોય તેવા ૧૩.૫ કરોડ મતદારોની માહિતી મેળવવાનો છે.

આંદોલનના વિવિધ તબક્કા અને કાર્યક્રમો કોંગ્રેસ નેતા જયરામ રમેશ અને કે.સી. વેણુગોપાલે જણાવ્યું કે, આ લડાઈ સતત અને આક્રમક રહેશે. આંદોલન નીચે મુજબના તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ તબક્કો ૮ ઑક્ટોબર સુધી તમામ ઈન્ડિયા ગઠબંધનના પક્ષો સાથે મળીને જિલ્લા સ્તરે પદયાત્રા, પ્રદર્શનો અને બેઠકો યોજશે. બીજો તબક્કો (૧૦ થી ૨૦ ઑક્ટોબર): સામાન્ય લોકોને આ અભિયાન સાથે જોડવા માટે બ્લોક સ્તરે બેઠકો, બાઇક રેલી અને સાયકલ રેલીઓનું આયોજન કરવામાં આવશે. ત્રીજો તબક્કો ૨૫ ઑક્ટોબરથી ૨૫ નવેમ્બર ગામડાં સ્તરે પહોંચીને 'વોટ રક્ષક' કાર્યક્રમો યોજાશે અને ગામેગામ ચોપાલ યોજીને ગ્રામીણ મતદારોને જાગૃત કરવામાં આવશે. જ્યારે આગામી ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં એક વિશાળ ઐતિહાસિક રેલીનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ નિમિત્તે 'ચલો દિલ્હી' અભિયાન અંતર્ગત દેશના જુદા-જુદા ભાગોમાંથી ૬ મોટી યાત્રાઓ કાઢવામાં આવશે, જેનું નેતૃત્વ ૬ વરિષ્ઠ નેતાઓ કરશે. કોંગ્રેસ આ લડાઈને અન્ય વિપક્ષી પક્ષો સાથે મળીને એક વ્યાપક જનઆંદોલનનું સ્વરૂપ આપવા માંગે છે.

## ત્રણ દિવસીય બેઠક દરમિયાન ૭ મીએ RBI લેશે મહત્વનો નિર્ણય : EMI પણ વધશે, લોન લેવી મોંઘી થઈ જશે

# રેપો રેટ વધવાના એંધાણ

નવી દિલ્હી, તા.૫

આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટીની ત્રણ દિવસીય બેઠક આજે એટલે કે ૫ ઑક્ટોબરથી શરૂ થઈ ગઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે આ વખતે રિઝર્વ બેંક રેપો રેટમાં ૦.૨૫ વધારો કરી શકે છે.જો આવું થાય છે, તો ફેબ્રુઆરી ૨૦૨૩ પછી રેપો રેટમાં થનારો આ પ્રથમ વધારો હશે, જેના કારણે રેપો રેટ ૫.૨૫%થી વધીને ૫.૫૦% થઈ જશે. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશેની માહિતી ૭મીએ આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રા આપશે.

રિઝર્વ બેંકે વર્ષ ૨૦૨૫માં ૪ વખત રેપો રેટમાં કુલ ૧.૨૫%નો ઘટાડો કર્યો હતો. જેના કારણે રેપો રેટ ૬.૫૦%થી ઘટીને ૫.૨૫% થઈ ગયો હતો. જ્યારે ૨૦૨૬માં અત્યાર સુધી યોજાયેલી ચાર બેઠકોમાં રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.ઓક્ટોબરની આ બેઠક દેશની પીક ફેસ્ટિવ સિઝન દરમિયાન યોજાઈ રહી છે. આ દરમિયાન ઓટોમોબાઇલ્સ, ઇલેક્ટ્રોનિક્સ અને હાઉસિંગ સેગમેન્ટમાં ક્રેડિટ એટલે કે લોનની માગ વધુ રહે છે.




જો આરબીઆઈ રેપો રેટમાં ૦.૨૫%નો વધારો કરે છે, તો બેંકોના એક્સટર્નલ બેન્ચમાર્ક લેન્ડિંગ રેટ્સ તરત જ વધી જશે. તેનાથી નવી લોન મોંઘી થઈ જશે અને હાલની હોમ લોન તથા ઓટો લોનના ગ્રાહકોની ઈએમઆઈવધી શકે છે, જે તહેવારી સિઝનમાં ગ્રાહક માગને અસર કરી શકે છે.

રેપો રેટ શું છે? રેપો રેટ તે દર છે જેના પર દેશની કેન્દ્રીય બેંક એટલે કે આરબીઆઈદેશની બેંકોને નાણાં ઉધાર આપે છે.

વધારો થવાથી શું થશે? રેપો રેટ વધતાં જ બેંકો માટે આરબીઆઈ પાસેથી લોન લેવી મોંઘી બની જાય છે. બેંકો આ ખર્ચનો બોજ ગ્રાહકો પર નાખે છે, જેના કારણે હોમ લોન, કાર લોન અને પર્સનલ લોનના વ્યાજ દરો/ઈએમઆઈ વધી જાય છે.

FD પર અસરઃ લોન મોંઘી થવા સાથે બેંકો થાપણદારોને આકર્ષવા માટે ઋણના દરોમાં પણ વધારો કરી શકે છે.

રેપો રેટ મોંઘવારી સામે લડવાનું સાધન છે. જ્યારે મોંઘવારી વધારે હોય છે, ત્યારે સેન્ટ્રલ બેંક તેને વધારીને અર્થવ્યવસ્થામાં નાણાંનો પ્રવાહ ઘટાડવાનો પ્રયાસ કરે છે. પોલિસી રેટ વધારે હશે તો બેંકોને સેન્ટ્રલ બેંક પાસેથી મળતું ધિરાણ મોંઘું થશે. તેના બદલામાં બેંકો ગ્રાહકો માટે લોન મોંઘી કરી દે છે. તેનાથી અર્થવ્યવસ્થામાં નાણાંનો પ્રવાહ ઘટે છે. નાણાંનો પ્રવાહ ઘટવાથી માંગ ઘટે છે અને મોંઘવારી ઓછી થાય છે. જ્યારે અર્થવ્યવસ્થા ખરાબ સમયમાંથી પસાર થાય છે, ત્યારે પુનઃપ્રાપ્તિ માટે નાણાંનો પ્રવાહ વધારવાની જરૂર પડે છે. આવી સ્થિતિમાં સેન્ટ્રલ બેંક પોલિસી રેટ ઘટાડી દે છે. તેનાથી બેંકોને સેન્ટ્રલ બેંક પાસેથી મળતું ધિરાણ સસ્તું થઈ જાય છે અને ગ્રાહકોને પણ સસ્તા દરે લોન મળે છે.

## J&Kમાં બાંગ્લાદેશીઓ સામે કાર્યવાહી

### પ્રથમ તબક્કાની પ્રક્રિયા પૂર્ણ, કાલે વધુ એક જૂથને ડિપોર્ટ કરાશે

નવી દિલ્હી, તા.૫

જમ્મુ-કાશ્મીરમાં માન્ય દસ્તાવેજો વિના ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.શ્રીનગર પોલીસના જણાવ્યા અનુસાર, આજે ઓળખ કરાયેલા ૧૫૦ બાંગ્લાદેશી નાગરિકોનો દેશનિકાલ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. આ તમામ લોકોને શ્રીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ભારતીય વાયુસેનાના વિશેષ વિમાન મારફતે પશ્ચિમ બંગાળના બાગડોગરા મોકલવામાં આવ્યા હતા. બાગડોગરા એરપોર્ટ પર પહોંચ્યા બાદ તેમને સીમા સુરક્ષા દળના જવાનોને સોંપવામાં આવ્યા છે, જેથી પૂર્વીય સરહદ મારફતે તેમને બાંગ્લાદેશ પરત મોકલવાની કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી શકાય તેવું સરકારનું માનવું છે.

અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે ગેરકાયદે રહેતા વિદેશીઓને ઓળખીને પરત મોકલવાની આ ઝુંબેશ આગળ પણ ચાલુ રહેશે. આ કાર્યવાહીના બીજા તબક્કા હેઠળ આગામી કાલે બુધવારે બાંગ્લાદેશી નાગરિકોના વધુ એક જૂથને આ જ પ્રકારે ડિપોર્ટ કરવામાં આવનાર છે.

સત્તાવાર આંકડાઓ મુજબ, જમ્મુ-કાશ્મીરના ૨૦ જિલ્લાઓમાં કુલ ૫૦૪ ગેરકાયદે બાંગ્લાદેશી નાગરિકોની ઓળખ કરવામાં આવી છે. જેમાંથી સૌથી વધુ ૪૫૮ લોકો કાશ્મીર વિભાગના ૧૦ જિલ્લાઓમાં અને માત્ર ૪૬ લોકો જમ્મુ વિભાગના ૧૦ જિલ્લાઓમાં રહે છે. જોકે, સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક અહેવાલો મુજબ, ફેરીવાળા કે મજૂરીકામ કરીને તંત્રથી બચી રહેલા બાંગ્લાદેશીઓની વાસ્તવિક સંખ્યા ૧,૦૦૦ કે તેથી વધુ હોવાનો અંદાજ છે.



### ગેરકાયદે વિદેશી નાગરિકોનો કુલ આંકડો

સરકારી ડેટા અનુસાર, જમ્મુ-કાશ્મીરમાં ૫૦૪ બાંગ્લાદેશીઓ ઉપરાંત મ્યાનમારના ૭,૬૫૬ રોહિંગ્યા મુસ્લિમો પણ વસવાટ કરે છે (જેમાં જમ્મુ વિભાગમાં નોંધાયેલા ૬,૭૩૭ રોહિંગ્યાનો સમાવેશ થાય છે). આ બંને મળીને કેન્દ્રશાસિત પ્રદેશમાં સત્તાવાર રીતે નોંધાયેલા બિનદસ્તાવેજી વિદેશી નાગરિકોની કુલ સંખ્યા ૮,૧૬૦ થાય છે. સ્થાનિક ગુપ્તચર વિભાગના બિનસત્તાવાર અંદાજ મુજબ આ સમગ્ર વિસ્તારમાં શરણાર્થીઓ અને ગેરકાયદે પ્રવાસીઓની કુલ સંખ્યા આશરે ૧૩,૭૦૦ જેટલી હોવાની શક્યતા છે.

# વિદેશથી MBBS કરેલા ઇન્ટર્ન ડોક્ટરોને મળશે સ્ટાઇપેન્ડ




## રાજ્યમાં ઇન્ટર્નશિપ કરતા ડોક્ટરો માટે મોટો અને ઐતિહાસિક નિર્ણય

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં તબીબી ક્ષેત્રે સેવા આપતા યુવા તબીબો માટે ભૂપેન્દ્રભાઇ પટેલ સરકારે એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતરૂપ નિર્ણય લીધો છે. વિદેશની યુનિવર્સિટીઓમાંથી એમબીબીએસની ડિગ્રી મેળવીને ગુજરાતમાં ફરજિયાત ઇન્ટર્નશિપ કરી રહેલા ઇન્ટર્ન ડોક્ટરોને અત્યાર સુધી કોઈપણ પ્રકારનું મહેનતાણું કે સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવતું નહોતું. જોકે, આ વિસંગતતા દૂર કરીને સરકારે હવે વિદેશી મેડિકલ ગ્રેજ્યુએટ્સને પણ સ્થાનિક સામાન્ય ઇન્ટર્ન ડોક્ટરોની સમકક્ષ દર મહિને ₹૨૧,૮૪૦ નું માસિક સ્ટાઇપેન્ડ આપવાનો સત્તાવાર આદેશ કર્યો છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ આ સંવેદનશીલ નિર્ણયની જાહેરાત કરી છે.

સામાન્ય રીતે ગુજરાત કે દેશની માન્ય મેડિકલ કોલેજોમાંથી ખઈઇજ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ દરમિયાન દર મહિને નિયત સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. પરંતુ રશિયા, યુક્રેન, ફિલિપાઇન્સ, જ્યોર્જિયા કે અન્ય દેશોમાંથી અભ્યાસ પૂર્ણ કરી FMGE (Foreign Medical Graduate Examination) પાસ કરીને આવતા ઉમેદવારો પાસેથી સરકારી હોસ્પિટલોમાં સંપૂર્ણ સમય ફરજ લેવામાં આવતી હોવા છતાં તેમને સ્ટાઇપેન્ડથી વંચિત રાખવામાં આવતા હતા. લાંબા સમયથી ઇન્ટર્ન ડોક્ટરો અને તેમના સંગઠનો દ્વારા આ ભેદભાવ દૂર કરવાની માંગણી કરવામાં આવી રહી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા જારી કરાયેલી સૂચના અનુસાર આ નવી નીતિ રાજ્યની તમામ સરકારી મેડિકલ કોલેજો તેમજ જીએમઇઆરએસ મેડિકલ કોલેજોમાં ફરજ બજાવતા ઇન્ટર્ન ડોક્ટરો પર સમાન રીતે લાગુ પડશે. હાલમાં રાજ્યની વિવિધ હોસ્પિટલોમાં પોસ્ટિંગ મેળવીને સેવા આપી રહેલા આશરે ૩૫૦ જેટલા ઇન્ટર્ન ડોક્ટરોને આ નિર્ણયનો સીધો નાણાકીય લાભ મળશે.

### ૧ જૂન અને ૧ ઓક્ટોબરથી પોસ્ટિંગ મેળવનારને મળશે લાભ

આ યોજનાના અમલીકરણ સંદર્ભે સ્પષ્ટતા કરતાં જણાવવામાં આવ્યું છે કે જે ઇન્ટર્ન ડોક્ટરોએ ૧ જૂન અને ૧ ઓક્ટોબરથી પોતાની ઇન્ટર્નશિપનું પોસ્ટિંગ મેળવ્યું છે, તેઓ આ સુધારેલા સ્ટાઇપેન્ડ માળખા હેઠળ આવરી લેવાશે. દર મહિને ₹૨૧,૮૪૦ ની રકમ સીધી જ તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવશે, જેના કારણે રાત-દિવસ ઇમરજન્સી અને ઓપીડી વોર્ડમાં સેવા આપતા આ તબીબોને મોટો આર્થિક ટેકો સાંપડશે. આરોગ્ય મંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, દર્દીઓની સેવામાં ખડેપગે રહેતા તમામ યુવા તબીબોને સમાન અધિકાર અને સન્માન આપવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. સરકારના આ સંવેદનશીલ પગલાંને સમગ્ર તબીબી જગત અને ઇન્ટર્ન એસોસિએશનો દ્વારા ઉષ્માભેર વધાવી લેવામાં આવ્યું છે.

# ભાડા વિધેયક અટક્યું : પાછું ખેંચવાની તૈયારીઓ

## વકીલોના વિરોધ વંટોળ વચ્ચે હાલ અમલમાં નહીં આવે, સરકારે બિલ હોલ્ડ પર રાખ્યું

અમદાવાદ, તા.૫

ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ સામે રાજ્યભરના વકીલોના વિરોધ વચ્ચે મોટો વળાંક આવ્યો છે. હાઈકોર્ટમાં એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ રાજ્યપાલ વિધેયક પર સહી નહીં કરે તેવી ખાતરી આપી છે. ભાડા વિવાદોની સત્તા કોર્ટમાંથી વહીવટી અધિકારીઓને સોંપવાના મુદ્દે વકીલો હડતાળ પર હતા. હવે વિધેયક હાલ અમલમાં નહીં આવે તેવી સ્થિતિ સ્પષ્ટ થઈ છે.

ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ને લઈને રાજ્યભરમાં ચાલી રહેલા વકીલોના વિરોધ વચ્ચે સરકારે મહત્ત્વ પૂર્ણ નિર્ણય લીધો છે. ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ રજૂઆત કરી કે વિધેયકને રાજ્યપાલની મંજૂરી નહીં મળે અને તે હાલ અમલમાં નહીં આવે. વિધેયક ગુજરાત વિધાનસભામાં પસાર થયા બાદ રાજ્યપાલની મંજૂરીની રાહમાં હતું.

ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ જણાવ્યું કે સરકાર તરફથી એવી ખાતરી આપવામાં આવી છે કે રાજ્યપાલ આ વિધેયક પર સહી નહીં કરે. તેમણે હાલના કાયદાકીય માળખાને ફરી યથાવત કરવાની દિશામાં પ્રયાસ કરાશે તેવી પણ રજૂઆત કરી હતી. આ નિવેદન બાદ છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા વકીલોના આંદોલનમાં મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે.

ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬માં ભાડુઆત અને મકાનમાલિક વચ્ચેના કેટલાક વિવાદોની




સુનાવણી માટેની સત્તા કોર્ટમાંથી રેવન્યુ અને એડમિનિસ્ટ્રેટિવ ઓથોરિટી તરફ ખસેડવાની જોગવાઈ સામે વકીલ સંગઠનોએ વિરોધ નોંધાવ્યો છે. નવા માળખા હેઠળ ડેપ્યુટી કલેક્ટર અને એડિશનલ કલેક્ટર સહિતના અધિકારીઓને ભાડા સંબંધિત વિવાદો સાંભળવાની સત્તા મળવાની જોગવાઈ છે.,વિધેયકના વિરોધમાં અમદાવાદથી લઈને રાજ્યના વિવિધ જિલ્લાઓ સુધી વકીલો કોર્ટ કામગીરીથી દૂર રહ્યા હતા. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશને પણ ૫ અને ૬ ઓક્ટોબરે કોર્ટ કામગીરીથી અળગા રહેવાનો નિર્ણય કર્યો હતો. વકીલ સંગઠનોની મુખ્ય માગ હતી કે ન્યાયિક સ્વરૂપ ધરાવતા ભાડા વિવાદોની સત્તા વહીવટી અધિકારીઓને સોંપવામાં ન આવે.

### AGની ખાતરી બાદ આંદોલનને મળ્યો મોટો વળાંક

કમલ ત્રિવેદીની હાઈકોર્ટમાં થયેલી રજૂઆત બાદ વિધેયક હાલ અમલમાં આવવાની શક્યતા અટકી છે. જોકે, વિધેયકને ઔપચારિક રીતે પાછું ખેંચવા કે આગળની કાયદાકીય પ્રક્રિયા અંગે સરકાર તરફથી અલગ સત્તાવાર નિર્ણયની વિગતો સામે આવવી બાકી છે. હાલ એટલું સ્પષ્ટ થયું છે કે રાજ્યપાલની મંજૂરી વગર વિધેયક કાયદા તરીકે અમલમાં આવી શકશે નહીં.

# અકસ્માત સર્જનાર સ્કોર્પિયો ચાલક ઝડપાયો

## ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બાઈક સવાર દંપતીને અડફેટે લઈ ફરાર થયેલા કાર ચાલક પરેશભાઈ જમનભાઈ તાવપરાને સીસીટીવી અને ટેક્નિકલ સોર્સના આધારે દબોચ્યો

રાજકોટ, તા.૫

રાજકોટ શહેરના ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કટારીયાથી ઘંટેશ્વર તરફ જતા માર્ગ પર ગીર ગામઠી હોટલ સામે ગત તા. ૨૫/૦૯/૨૦૨૬ના રોજ રાત્રીના આઠેક વાગ્યાની આસપાસ એક અકસ્માતનો બનાવ બન્યો હતો. એક અજાણ્યા ફોરવ્હીલર ચાલકે બાઈક પર જઈ રહેલા ફરિયાદી અને તેમની પત્નીને હડફેટે લીધા હતા. અકસ્માત સર્જીને ભાગી ગયેલા, પ્રશાંતી હાઇટ્સ ફ્લેટ નં. ૫૦૨, રેડ એપલ હોટલની સામે, જુના ફન બ્લાસ્ટની પાછળ, ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ,પર રહેતા પરેશભાઈ જમનભાઈ તાલપરાને ઝડપી લીધો છે.





ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફ પી.એસ.આઈ. એચ.એન. શ્યોરા તથા સર્વેલન્સ સ્કોડની ટીમે હ્યુમન સોર્સિસ અને બનાવ વાળી જગ્યાની આજુબાજુના સીસીટીવી ફૂટેજની તપાસ કરી હતી. આ તપાસમાં એક કાળા કલરની સ્કોર્પિયો ગાડીએ આ અકસ્માત સર્જ્યો હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પો.હેડ.કોન્સ. દિવ્યરાજસિંહ સાવજુભા તથા દિવ્યરાજસિંહ કાળુભાએ ટેક્નિકલ સોર્સના આધારે, કાળા કલરની સ્કોર્પિયો ગાડી અને તેના ચાલકને શોધી કાઢ્યો હતો. ચાલકે પોતાનો ગુનો કબૂલી લેતા તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

સમગ્ર કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશનર રાકેશ દેસાઈ (ઝોન-૨) તથા મદદનીશ પોલીસ કમિશનર રાધિકા ભારાઈ (પશ્ચિમ વિભાગ) ના માર્ગદર્શન હેઠળ, પીઆઈ કે.કે. ગોહીલના ડી-સ્ટાફ અને સર્વેલન્સ સ્કોડના સ્ટાફે આ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

### દિવાળીમાં સીઝનલ વેપારીઓ માટે મનપાનો મોટો નિર્ણય

# સાત લોકેશન્સ પર સ્ટોલ માટે ૨૧મીએ હરાજી



રાજકોટ, તા. ૫

આગામી દિવાળીના તહેવારો દરમિયાન નાના અને સીઝનલ ધંધાર્થીઓ સમયસર પોતાનો રોજીરોટીનો વ્યવસાય શરૂ કરી શકે તે માટે રાજકોટ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. મનપાની માલિકીના શહેરના મુખ્ય ૭ ટી.પી. પ્લોટ ખાતે સીઝનલ સ્ટોલ ઊભા કરવા માટે આગામી તારીખ ૨૧ ઓક્ટોબરના રોજ સાંજે ૪:૦૦ કલાકે ઢેબર રોડ સ્થિત ડો. આંબેડકર ભવન, સેન્ટ્રલ ઝોન ઓફિસના પ્રથમ માળે આવેલા કોન્ફરન્સ રૂમ ખાતે જાહેર હરાજી રાખવામાં આવી છે.

આ વખતે સમયસર હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવતા વેપારીઓને પણ તહેવારો પૂર્વે પૂરતી તૈયારીઓ કરવાનો પૂરતો સમય મળી રહેશે. મનપા દ્વારા નાનામવા સર્કલ સ્થિત ટી.પી. પ્લોટ, અમીન માર્ગ કોર્નર પરનો પ્લોટ, સાધુ વાસવાણી રોડ પર રાજ પેલેસ પાસે, પૂ. પ્રમુખસ્વામી ઓડિટોરિયમની બાજુનો પ્લોટ, સાધુ વાસવાણી રોડ શાક માર્કેટ સામે, રાજનગર મેઈન રોડ પર હોન્ડાના શો-રૂમ સામે તેમજ મવડી ટી.પી. નં. ૨૬માં સુવર્ણભૂમિની બાજુ અને સ્પીડવેલ પાર્ટી પ્લોટ સામે આવેલ ટી.પી. પ્લોટ હરાજી માટે મૂકવામાં આવ્યા છે. આ તમામ જગ્યાઓ ધંધાર્થીઓને તા. ૩૦ ઓક્ટોબરથી તા. ૮ નવેમ્બર સુધી એટલે કે ઓછામાં ઓછા ૧૦ દિવસ માટે ફાળવાશે, જ્યારે જરૂરિયાત મુજબ વધારાના દિવસો માટે પણ જગ્યા લંબાવી શકાશે.

આ જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વેપારીઓએ મનપાની એસ્ટેટ શાખા ખાતેથી નિયત ફોર્મ અને શરતોની વિગતો મેળવી લેવાની રહેશે. સાથોસાથ હરાજીમાં બોલી લગાવતા પહેલાં રૂ. ૧૦,૦૦૦ની ડિપોઝિટ કોર્પોરેશનના સિવિક સેન્ટર ખાતે જમા કરાવવાની રહેશે. ડેપ્યુટી કમિશનરે સ્પષ્ટ જણાવ્યું છે કે જે વેપારીઓએ અગાઉથી ડિપોઝિટ ભરપાઈ નહીં કરી હોય તેવા કોઈપણ વ્યક્તિને હરાજી પ્રક્રિયામાં સામેલ થવા દેવામાં આવશે નહીં.

# પવનપુત્ર ગરબી મંડળ દ્વારા ઉજવાશે નવરાત્રી મહોત્સવ

## તા.૧૧થી ૨૦ સુધી નવરાત્રી મહોત્સવનો લાભ લેવા શહેરીજનોને આયોજકોનો અનુરોધ



રાજકોટ, તા.૫

રાજકોટ શહેરમાં પવનપુત્ર ગરબી મંડળ દ્વારા ''જાગતી જોગમાયા'' ના નેજા હેઠળ ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મંડળની સ્થાપના વર્ષ ૧૯૯૦ માં કરવામાં આવી હતી. આ વર્ષે મંડળ દ્વારા તેમનો ૩૭મો નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. આ મહોત્સવ તારીખ ૧૧/૧૦/૨૦૨૬ થી શરૂ થઈને ૨૦/૧૦/૨૦૨૬ સુધી ચાલશે.

આ કાર્યક્રમના સફળ આયોજન પાછળ રાજકોટના પૂર્વ મેયર રક્ષાબેન આર. બોળીયા પ્રમુખ રઘુભાઈ બોળીયા, આયોજક શૈલેષભાઈ પાબારી, સંસ્થાના પ્રણેતા રાજુભાઈ પોપટ (રૂપમ) વિગેરે અગ્રણીઓ અને હોદ્દેદારોની જહેમત ઉઠાવાઈ રહ્યા છે.

અત્રે એ નોંધનીય છે કે, પવનપુત્ર ગરબી મંડળ રાજકોટ શહેરમાં એક આગવી ઓળખ ધરાવે છે. આ મંડળ રાજકોટ શહેરની પ્રાચીન ગરબીઓમાં સર્વશ્રેષ્ઠ વિજેતાનું બીરૂદ મેળવી ચૂક્યું છે. સંસ્થાના ગૌરવરૂપે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અગાઉ આ ગરબી મંડળની બાળાઓ સાથે મુલાકાત કરી છે. મંડળના કાર્યકરો અને રાસ રમતી બાળાઓ નવરાત્રી દરમિયાન આવતા મહેમાનો અને દર્શનાર્થીઓનું હાર્દિક સ્વાગત કરવા માટે તત્પર રહે છે.

આ કાર્યક્રમનું સંચાલન ''પવન પુત્ર ગરબી મંડળ કાર્યકર્તા સમીતી'' દ્વારા કરવામાં આવે છે. આ મહોત્સવને રાજકોટના અનેક ઉદ્યોગપતિઓ, બિલ્ડર્સ અને વિવિધ વ્યવસાયીઓનો શુભેચ્છક તરીકે મોટો ટેકો સાંપડ્યો છે. તેમાં મુખ્યત્વે સદગુરુ ઈમિટેશન (આશિષ કારિયા), ખોડિયાર મરચા એન્ડ વેજીટેબલ (કૃણાલભાઈ પરમાર), અને શ્રીનાથજી ઓટોમોબાઈલ્સ પ્રાઈવેટ લિમિટેડ (સ્કોડા - શૈલેષ પાબારી) જેવા વ્યવસાયિક ગૃહોનો સહયોગ છે. નવરાત્રી મહોત્સવની વધુ માહિતી માટે પ્રશાંત બોળીયાનો ૭૬૦૦૦ ૦૦૨૧૦ અને ૯૮૨૪૪ ૨૫૮૭૫નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## એક માસથી ફરાર સજા વોરંટનો આરોપી ઝડપાયો

રાજકોટ : રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશનર રાકેશ દેસાઈ (ઝોન-૨) અને મદદનીશ પોલીસ કમિશનર બી.જે. ચૌધરી (દક્ષિણ વિભાગ) દ્વારા નાસતા-ફરતા આરોપીઓ, બુટલેગરો અને કોર્ટ દ્વારા સજા પામેલા ફરાર ગુનેગારોને પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. આવી સૂચનાના આધારે, માલવિયાનગર પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એમ. કૈલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પી.એસ.આઈ. કે.ડી. માડુ અને તેમની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન એ.એસ.આઈ. કેતનકુમાર નીકોલાને બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે છેલ્લા એક મહિનાથી સજાના વોરંટ સાથે નાસતા ફરતા ''શિવ કૃપા'' મકાન, અમરનગર-૨, શેરી નં. ૨, ફાયર બ્રિગેડ પાસે, ચંદ્રેશનગર ચોક, મવડી પ્લોટ, રાજકોટ રહેતા મહેશ વાલજી જોટાણીયાને ઝડપી લીધો છે. આરોપી સામે રાજકોટ કોર્ટના ૧૬માં અધિક ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટ દ્વારા ફોજદારી કેસ નંબર-૩૪૦૯/૨૦૨૪ મુજબ સજાનું વોરંટ ઈસ્યુ થયું હતું. પી.આઈ. જે.એમ. કૈલા, પી.એસ.આઈ. કે.ડી. માડુ, એ.એસ.આઈ. કેતનભાઈ શેખલીયા અને કેતનકુમાર નિકોલા, હેડ કોન્સ્ટેબલ કૃણાલસિંહ ઝાલા, સારંગભાઈ ઓગાણીયા અને અનીલભાઈ જીલરીયા,કોન્સ્ટેબલ વિશ્વરાજસિંહ જાડેજા, અમરદિપસિંહ જાડેજા અને કરમણભાઈ જાદવ મહેશની ધરપકડ કરી સજાના વોરંટની બજવણી કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### શ્રાધ્ધમાં ગયેલા ધર્મપત્નિને તેડવા નીકળેલા યુવાનને પરલોકનું તેડુ

# કાળ બનીને કાર સામે આવી: બાઈકચાલકનું મોત

## હીંગોળગઢ પાસે બનાવ: બીજી ઘટનામાં બે વર્ષના બાળકનું ઉંચી માંડલ ગામે અગાસીએથી પટકાતાં મોત: ત્રીજા બનાવમાં શાપરમાં ઓરડીમાંથી યુવાન બેભાન મળ્યા બાદ જીવ ગયો

રાજકોટ, તા. ૫

કાળા માથાના માનવીને પરલોકમાંથી ક્યારે અને કેવી રીતે તેડુ આવી જાય તેની ખબર હોતી નથી. આવી જ એક ઘટનામાં એક યુવાન પોતાના પત્નિ માવતર પક્ષમાં શ્રાધ્ધમાં ગયા હોઇ તેણીને તેડવા જતો હતો ત્યારે રસ્તામાં તે ટુવ્હીલર સહિત કારની ઠોકરે આવી જતાં તેની જિંદગીની સફરનો અંત આવી ગયો હતો. આ સાથે તેના બે માસુમ બાળકોએ પિતાની છત્રછાંયા ગુમાવી દીધી હતી. બીજી ઘટનામાં એક માસુમ બે વર્ષના બાળકનું અગાસી પર રમતી વખતે પડી જતાં મોત થયું હતું. ત્રીજી ઘટનામાં એક યુવાન રૂમમાંથી બેભાન મળ્યા બાદ તેનું મોત થતાં પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો વાહન અકસ્માતના વધુ એક બનાવમાં એક પરિવારે આધારસ્તંભ યુવાન દિકરો ગુમાવી દીધો છે. જસદણના હિંગોળગઢ નજીક કારની ઠોકરે બાઇક ચડી જતાં બાઇકચાલક વિંછીયાના યુવાનનું ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું છે. આ યુવાન વિંછીયાથી પોતાના પત્નિને તેડવા માટે હડમતીયા ગામે જવા નીકળ્યો ત્યારે આ બનાવ રસ્તામાં બન્યો હતો. વિંછીયા રહેતો તેજસભાઇ ઉર્ફે પંકજભાઇ પરષોત્તમભાઇ ડાભી નામનો ઓગણત્રીસ વર્ષનો યુવાન બપોરે અઢી વાગ્યા આસપાસ બાઇક હંકારીને વિંછીયાની હડમતીયા જવા નીકળ્યો ત્યારે લાલાવદરથી હિંગોળગઢ વચ્ચે પહોંચ્યો ત્યારે કારની ઠોકરે ચડી ગયો હતો.

આ અકસ્માતમાં તે બાઇક સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. આ બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. તેજસભાઇને સારવાર માટે વિંછીયા અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વિંછીયા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર



તેજસભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટો હતો. તે જીન મીલમાં મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો. સગાના કહેવા મુજબ તેજસભાઇના પત્નિ કાજલબેન હડમતીયા ગામે શ્રાધ્ધમાં ગયા હતાં. પોતે પત્નિને તેડવા જવા માટે નીકળ્યો ત્યારે રસ્તામાં અકસ્માત નડ્યો હતો. આ બનાવથી બે માસુમ સંતાને પિતાની છત્રછાંયા ગુમાવી દેતાં ડાભી-કોળી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. વિંછીયા પોલીસે કારચાલક વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી ઘટના જોઇએ તો માસુમ ભુલકાઓ રમત રમતમાં ઘણીવાર મોતના મુખ સુધી પહોંચી જતાં હોય છે અને ઘણીવાર કરૂણ મૃત્યુ પણ થતાં હોય છે. મોરબીના ઉંચી માંડલ ગામે બની હતી. જેમાં અગાસી પર રમતી વખતે નીચે પટકાતાં બે વર્ષના બાળકનું મોત થયું હતું. બિહારી દંપતિએ એકનો એક લાડકવાયો ગુમાવતાં ગમગીની વ્યાપી ગઇ હતી. વધુ માહિતી અનુસાર ઉંચી માંડલમાં રહેતાં સુજીતભાઇ સહાનીનો બે વર્ષનો દિકરો સૂર્યાંશ સવારે અગાસી પર રમતો હતો.

આ વખતે અચાનક જ ત નીચે પટકાતાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર સૂર્યાંશ માતા-પિતાનો એકનો એક દિકરો હતો. તેના પિતા કંપનીમાં કામ કરે છે. મુળ બિહારનું દંપતિ આ ઘટનાથી શોકમાં ગરક થઇ ગયું હતું. પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી.


ત્રીજી ઘટના જોઇએ તો શાપર વેરાવળમાં પોતાની રૂમમાંથી બેભાન હાલતમાં મળેલા યુવાનનું સારવારમાં મૃત્યુ થયું છે. આ યુવાન મુળ વંથલીના બંટીયા ગામનો વતની હતો અને અહિ શાપરમાં એકલો જ રહેતો હતો. મોતનું કારણ જાણવા પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. શાપરમાં ટીલાળા ગેઇટની અંદર પૂજા ટેક્નો પાછળ ઓરડી રાખીને રહેતો મહેશભાઇ દિનેશભાઇ માંકડીયા નામનો પાંત્રીસ વર્ષનો તેની રૂમમાંથી બેભાન મળતાં સારવાર માટે ૧૦૮ મારફત રાજકોટ ખસેડાયો હતો.

પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. મહેશભાઇ બે બહેનના એકના એક ભાઇ હતાં. લગ્ન બાદ છુટાછેડા થઇ ગયા હોઇ મુળ વતન બંટીયાથી શાપર આવી રૂમ રાખી રહેતાં હતાં અને ઇલેક્ટ્રીક કામ કરતા હતાં. ગઇકાલે બપોર બાદ તે રૂમમાં બેભાન જોવા મળતાં તેના પાડોશીએ તેના બનેવી જે રાજકોટ રહે છે તેમને ફોનથી જાણ કરતાં તેઓ ત્યાં પહોંચ્યા હતાં અને સારવાર માટે ખસેડ્યા હતાં. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કર્યા હતાં. મોત હાર્ટએટેકથી થયું કે અન્ય કોઇ રીતે? તે જાણવા પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવા કાર્યવાહી કરી હતી. આમ ત્રણ અપમૃત્યુથી અલગ અલગ પરિવારજનો આઘાતમાં ગરક થઇ ગયા હતાં.

### ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના આહ્વાનને પગલે

# ૪૫૦થી વધુ રેવન્યુ કર્મીઓ માસ CL પર

## કલેક્ટરથી મામલતદાર કચેરીઓ સુધી કામગીરી ઠપ્પ, ૭ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાલની ચિંતનજનક ચીમકી







રાજકોટ, તા. ૧૦

ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના આહ્વાનને પગલે રાજકોટ જિલ્લામાં સરકારી મહેસૂલી તંત્ર સંપૂર્ણપણે થંભી ગયું છે. પડતર પ્રશ્નો અને લાંબા સમયથી ઉકેલાયા વિનાના મુદ્દાઓને લઈને રાજકોટ જિલ્લાના ૪૫૦થી વધુ રેવન્યુ અધિકારીઓ અને કર્મચારીઓ માસ સી.એલ. પર ઉતરી ગયા છે. તલાટીઓના જોબચાર્ટમાંથી અન્ય વિભાગોની કામગીરી હટાવવી, સિનિયોરિટી યાદી પ્રસિદ્ધ કરવી, સમયસર પ્રમોશન આપવા, પારદર્શક બદલી નીતિ અમલી બનાવવી અને ઈ-ધરા તેમજ ઓનલાઈન કામગીરીનું ભારણ ઘટાડવા સહિતની વિવિધ માગણીઓ સાથે કર્મચારીઓએ કલેક્ટર કચેરી ખાતે વિશાળ સંખ્યામાં એકત્ર થઈ વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જો સરકાર તરફથી સકારાત્મક ઉકેલ નહીં આવે તો આગામી ૭ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાલ પાડવાની લોખંડી ચેતવણી પણ આપવામાં આવી છે.

આ માસ સી.એલ. આંદોલનના કારણે રાજકોટ જિલ્લાના તમામ મામલતદાર કચેરી, પ્રાંત કચેરી અને કલેક્ટર કચેરીના વર્ગ-૩ના કર્મચારીઓ, ક્લાર્ક, નાયબ મામલતદાર અને મહેસૂલી તલાટીઓ કામગીરીથી અલિપ્ત રહ્યા છે. પરિણામે મામલતદાર કચેરીઓ, પ્રાંત કચેરીઓ અને કલેક્ટર કચેરીમાં થતી જનસેવા કેન્દ્રની કામગીરી, આવક અને જાતિના દાખલા, જમીન સુધારણા, ઈ-ધરા પોર્ટલ તેમજ વહીવટી મંજૂરીઓ સહિતની તમામ સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે, જેના કારણે અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો.

### કર્મચારી મહામંડળની તમામ ૧૪ માંગણીઓ

- મહેસૂલી તલાટીઓ શિરેથી અન્ય વિભાગોની બિનજરૂરી કામગીરી તાત્કાલિક અસરથી દૂર કરવી.
- ૨૦૧૨ના સીધી ભરતીના નાયબ મામલતદારોને Re-Adjustment Date નો લાભ આપી સિનિયોરિટી આખરી કરવી અને નવી ભરતી પહેલાં મામલતદારમાં બઢતી આપવી.
- વર્ષ ૨૦૧૨ પછીના તમામ નાયબ મામલતદારોની એકીકૃત અને નિયમાનુસાર સિનિયોરિટી યાદી જાહેર કરવી.
- વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૬માં થયેલી દૂરના જિલ્લાઓની બઢતી-બદલી સુધારી મૂળ જિલ્લામાં પરત નિમણૂક આપવી.
- ગઘઈ પ્રથા બંધ કરી ઓનલાઈન પોર્ટલ મારફતે પારદર્શક જિલ્લા ફેરબદલી પ્રક્રિયા અમલી બનાવવી.
- નાયબ મામલતદાર અને મામલતદાર સંવર્ગમાં સીધી ભરતી પ્રક્રિયા બંધ કરી પ્રમોશનનો હક જાળવવો.
- જિલ્લા ફેરબદલી પામેલા કલાર્ક/તલાટીઓની મૂળ મેરિટ આધારિત રાજ્યકક્ષાની સિનિયોરિટી જાળવી રાખી બઢતી આપવી.
- તાજેતરમાં કરાયેલી બદલીઓના હુકમો મોકૂફ રાખવા અને ભવિષ્યમાં આવી બદલી ન કરવાની બાંહેધરી આપવી.
- કલાર્ક અને મહેસૂલી તલાટી સંવર્ગની આખરી સિનિયોરિટી યાદી તાત્કાલિક જાહેર કરવી.
- બાકી ખાતાકીય પરીક્ષાઓનું આયોજન કરવું તેમજ લેવાયેલી પરીક્ષાઓનું પરિણામ ત્વરિત જાહેર કરવું.
- સર્કલ ઓફિસર અને નાયબ મામલતદારો માટે ડ્ઝ્અ ભથ્થું રૂ. ૧૦,૦૦૦ અને તલાટીઓ માટે રૂ. ૩,૦૦૦ નક્કી કરવું.
- જનસેવા કેન્દ્રની કામગીરી માટે સ્વતંત્ર મહેકમ મંજૂર કરવું.
- ઓનલાઈન પોર્ટલ, Digital Gujarat, ઈ-ધરા અને ઘઝડ પ્રક્રિયાઓના કારણે વધતું માનસિક તણાવ અને કાર્યભારણ ઓછું કરવું.
- તલાટીઓના જોબચાર્ટ અને બેઠક વ્યવસ્થા સ્પષ્ટ ન થાય ત્યાં સુધી ચાર્જ લેવડ-દેવડની કામગીરી સ્થગિત રાખવી.

### 'વોકલ ફોર લોકલ'ને વેગ આપવા હવેથી માત્ર ટાટા અને મહિન્દ્રા જેવા સ્વદેશી વાહનો જ ખરીદાશે

# ખેતીને પ્રોત્સાહન આપવા ખેડૂતોને વિનામૂલ્યે અપાશે થડા

રાજકોટ, તા. ૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસ, પર્યાવરણ સુરક્ષા અને સ્વદેશી ઉદ્યોગોને બળ આપવાના ઉદ્દેશથી બે અત્યંત મહત્વપૂર્ણ અને દૂરંદેશી નિર્ણયો લેવામાં આવ્યા છે. મનપાના આ નિર્ણયોથી એક તરફ સ્થાનિક સ્તરે પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને પોતાના ઉત્પાદનોના યોગ્ય દામ મેળવવા માટે સીધું પ્લેટફોર્મ મળશે, તો બીજી તરફ શહેરીજનોને વ્યાજબી ભાવે શુદ્ધ અને રસાયણમુક્ત આહાર પ્રાપ્ત થશે. આ સાથે જ પ્રધાનમંત્રીના 'આત્મનિર્ભર ભારત' અને 'વોકલ ફોર લોકલ'ના મંત્રને સાર્થક કરતા મનપા તંત્રે હવેથી તમામ સરકારી ખરીદીમાં માત્ર ભારતીય બનાવટના જ વાહનો ખરીદવાનો ઐતિહાસિક નિર્ધાર કર્યો છે.



રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન અને તેના વ્યાપક વેચાણને પ્રોત્સાહિત કરવા માટે સમગ્ર રાજ્યમાં ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ અભિયાનના ભાગરૂપે રાજકોટ મનપા દ્વારા શહેરમાં પ્રાકૃતિક ખેતપેદાશોના વેચાણ માટે એક વિશેષ યોજના અમલમાં મૂકવામાં આવી છે. શહેરના વોર્ડ નંબર ૧૦ માં આવેલા પુષ્કરધામ મેઈન રોડ પર હોકર્સ ઝોન પાસે હયાત ફૂડ કોર્ટના ડોમમાં આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નાયબ ખેતી નિયામક (તાલીમ) અને 'આત્મા પ્રોજેક્ટ'ના ડાયરેક્ટરની ખાસ રજૂઆતને ધ્યાને રાખીને તંત્રે દર બુધવારે પ્રાકૃતિક કૃષિ પેદાશોનું વેચાણ કરવા ઈચ્છુક સર્ટિફાઈડ ખેડૂતોને પ્રાયોગિક ધોરણે આગામી ૬ મહિના માટે વિનામૂલ્યે થડા ફાળવવાનો નિર્ણય કર્યો છે.

આ સ્થળે મનપા દ્વારા કુલ ૧૦ થડા તૈયાર કરવામાં આવ્યા છે, જ્યાં પ્રારંભિક તબક્કે ૭ ખેડૂતોને સ્થાન આપવામાં આવશે અને ક્ષમતા મુજબ મહત્તમ ૧૦ ખેડૂતો પોતાની પેદાશો વેચી શકશે. ૬ મહિનાના સમયગાળા બાદ આ સમગ્ર પ્રયોગનું રિવ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ હોકર્સ ઝોનની નીતિ મુજબ આગળની ફાળવણી અંગે આખરી નિર્ણય લેવાશે. વેચાણ માટે આવતા ખેડૂતોએ સ્થળ પર સ્વચ્છતા જાળવવી, પોતાની પાસે ડસ્ટબિન રાખવું અને મનપા સત્તાધીશો સમક્ષ પોતાના સર્ટિફાઈડ ઓળખપત્ર રજૂ કરવા જેવા કડક નિયમોનું પાલન કરવાનું રહેશે. મનપાના આ સરાહનીય પગલાંથી ખેડૂતોને વચેટિયાઓ વગર સીધા ગ્રાહકો મળતા આર્થિક ટેકો મળશે અને સામાન્ય જનતાને શુદ્ધ આહાર ઉપલબ્ધ બનશે.

બીજા એક વહીવટી અને નીતિ વિષયક નિર્ણયમાં, રાજકોટ મનપા દ્વારા હવેથી માત્ર સ્વદેશી કંપનીઓના વાહનો જ ખરીદવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી મનપાના વિવિધ વિભાગો અને ઉચ્ચ અધિકારીઓ માટે મોંઘા ભાવના વિદેશી કે બિન-સ્થાનિક બ્રાન્ડના વાહનો ખરીદવાની એક પરંપરા ચાલી આવતી હતી. પરંતુ સ્થાનિક ઉદ્યોગોને વેગ આપવા અને પ્રજાના નાણાંનો યોગ્ય વ્યય અટકાવવા માટે મનપાએ આ નીતિમાં ધરમૂળથી ફેરફાર કર્યો છે. હવેથી માત્ર ભારતીય બનાવટની ટાટા અને મહિન્દ્રા જેવી સ્વદેશી કંપનીઓના વાહનોને જ પ્રાધાન્ય આપવાનો નિર્ણય લેવાયો છે.

આ નવી સ્વદેશી વાહન ખરીદી નીતિનો શુભારંભ મનપા દ્વારા શહેરની બે હરતી-ફરતી મોબાઈલ લાઈબ્રેરી માટે રૂ. ૬૦,૪૦,૬૦૦ ના ખર્ચે ખરીદવામાં આવનારા બે નવા વાહનોથી કરવામાં આવશે. મનપાના આ નિર્ણયથી દેશના ઓટોમોબાઈલ ઉદ્યોગ અને સ્થાનિક ઉત્પાદકોને મોટું પ્રોત્સાહન મળશે, સાથે સાથે વિદેશી વાહનોના મોંઘા સ્પેરપાર્ટ્સ અને મેન્ટેનન્સ ખર્ચમાંથી મુક્તિ મળતા મહાનગરપાલિકાના બજેટ અને તિજોરી પર પડતો ભાર પણ નોંધપાત્ર રીતે ઘટશે.

# વિદેશી ઉડાન પૂર્વે ઈમિગ્રેશન પ્રક્રિયાને વેગ

## પોલીસ સ્ટાફની તાલીમ પૂર્ણ : હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટને ડિસેમ્બર સુધીમાં ઈમિગ્રેશન એપ્રુવલ મળવાની શક્યતા

રાજકોટ, તા. ૫

રાજકોટ હીરાસર સ્થિત ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વિદેશી ઉડાન શરુ થાય તે પૂર્વે ઈમિગ્રેશન પ્રક્રિયાને આખરી ઓપ આપવા માટે વહીવટી સ્તરે તૈયારીઓ અત્યંત વેગવંતી બનાવવામાં આવી છે. વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત આ એરપોર્ટ પરથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ શરુ કરવા માટે જરૂરી ઈમિગ્રેશન એપ્રુવલ આગામી ડિસેમ્બર મહિના સુધીમાં મળી જવાની પૂરેપૂરી શક્યતા છે. આ મંજૂરી મળતાં જ આગામી ડિસેમ્બરના અંત સુધીમાં રાજકોટથી પ્રથમ ઈન્ટરનેશનલ ફ્લાઈટ ટેક-ઓફ કરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.




ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ શરુ થતાં પહેલાં એરપોર્ટ પર ઈમિગ્રેશન ચેકિંગ, પાસપોર્ટ-વીઝા ચકાસણી અને તેને લગતી કાયદાકીય કામગીરી સુચારૂ રૂપે પાર પાડી શકાય તે માટે રાજકોટ શહેર પોલીસ સ્ટાફને ખાસ તાલીમબદ્ધ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજકોટ એરપોર્ટ પોલીસ સ્ટેશનના ૧ પીઆઈ, ૧ પીએસઆઈ અને ૧૧ પોલીસ કર્મચારીઓએ અમદાવાદ ખાતે પહોંચી એરપોર્ટ ઈમિગ્રેશન સંબંધિત એક સપ્તાહની ગહન તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી લીધી છે. તાલીમ મેળવીને પરત ફરેલા આ તમામ અધિકારીઓ અને કર્મચારીઓને હવે એરપોર્ટ ઓથોરિટીની જરૂરિયાત મુજબ ગમે ત્યારે ઈમિગ્રેશન ફરજ પર તૈનાત કરવામાં આવશે.

હાલના તબક્કે હીરાસર એરપોર્ટ પર એક પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ કાર્યરત ન હોવાથી રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના વેપારીઓ, વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓને વિદેશ જવા માટે અમદાવાદ કે મુંબઈ સુધી ધક્કા ખાવા પડે છે. રાજકોટથી સીધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરુ થતાં આ મુસાફરોનો કિંમતી સમય અને નાણાં બંને બચશે. ક્યાં દેશ માટે કેટલી ફ્લાઈટ્સ શરુ થશે તેની આખરી સત્તાવાર વિગતો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

બીજી તરફ, રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટના વહીવટી માળખામાં પણ મહત્ત્વના ફેરફારો સામે આવ્યા છે. વર્તમાન એરપોર્ટ ડિરેક્ટર દિગંત બોરાહની પ્રમોશન સાથે દિલ્હી ખાતે બદલી થતાં તેઓ ટૂંક સમયમાં ચાર્જ છોડશે. તેમના સ્થાને જામનગર એરપોર્ટથી ધનંજયકુમાર સિંહની રાજકોટના નવા એરપોર્ટ ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. નવનિયુક્ત ડિરેક્ટર ચાર્જ સંભાળતાની સાથે જ ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરુ કરવા માટેની બાકી રહેલી પ્રક્રિયાઓને વધુ ઝડપી બનાવશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

# લોકશાહીનું રક્ષણ કરવા કોંગ્રેસનું બ્યુગલ

## 'Save Democracy Week' અંતર્ગત વોર્ડ-વાઇઝ જનજાગૃતિ અને ભવ્ય રેલીનું આયોજન

રાજકોટ, તા. ૫.

અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી (AICC) ના આહ્વાન પર સમગ્ર દેશમાં ૮ ઓક્ટોબર સુધી 'જ્ઞદય ઉયળજ્ઞભફિભુ ઠયયસ' એટલે કે 'લોકશાહી બચાવો સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવી રહી છે. દેશની લોકશાહી વ્યવસ્થા, બંધારણીય મૂલ્યો અને નાગરિકોના પવિત્ર એવા મતાધિકાર સામે ઊભા થયેલા પડકારો સામે જનજાગૃતિ લાવવાના હેતુથી રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા પણ આગામી દિવસોમાં વિવિધ જનસંપર્ક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત રાજકોટ શહેરના ખૂણે-ખૂણા સુધી પહોંચી લોકોને તેમના મતાધિકાર, લોકશાહીના રક્ષણ અને બંધારણીય અધિકારો અંગે જાગૃત કરવાનો સઘન પ્રયાસ કરવામાં આવશે. સમગ્ર ઝુંબેશ દરમિયાન ખાસ કરીને મત બચાવો - દેશ બચાવોના સંદેશને કેન્દ્રમાં રાખવામાં આવશે અને આગામી દિવસોમાં આ જ સંદેશ સાથે શહેરના મુખ્ય માર્ગો પર એક ભવ્ય જનજાગૃતિ રેલી પણ યોજાશે.



આ અંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશના નેતા રાહુલ ગાંધીજી છેલ્લા ઘણા સમયથી દેશમાં ચૂંટણી પ્રક્રિયા, મતાધિકાર અને બંધારણીય સંસ્થાઓની સ્વાયત્તતા સામે ઊભા થયેલા સવાલોને લઈને સતત પ્રજાનો અવાજ બની રહ્યા છે. તેઓ લોકોના મતના અધિકાર અને લોકશાહી વ્યવસ્થાના રક્ષણ માટે લડત ચલાવી રહ્યા છે, ત્યારે તેમના આ સંઘર્ષ અને સંદેશને રાજકોટના સામાન્ય નાગરિકો સુધી પહોંચાડવો એ સમયની માંગ છે. આજે દેશના દરેક નાગરિકે જાગૃત થવાની જરૂર છે. લોકશાહીમાં દરેક વ્યક્તિનો મત અત્યંત મહત્વપૂર્ણ છે અને પોતાના મતાધિકારનો સંપૂર્ણ, સજાગ અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો એ દરેક નાગરિકની પ્રાથમિક ફરજ બને છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'મત બચાવો - દેશ બચાવો' એ માત્ર એક રાજકીય સૂત્ર નથી, પરંતુ દેશના ભવિષ્ય, લોકશાહીના અસ્તિત્વ અને નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવાનો એક મજબૂત આહ્વાન છે. રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા શહેરના તમામ વોર્ડમાં તબક્કાવાર બેઠકો, જનસંપર્ક અને ચર્ચા-સત્રોનું આયોજન કરવામાં આવશે. વોર્ડ સ્તરે યોજાનારા આ કાર્યક્રમો બાદ શહેર કક્ષાએ યોજાનારી વિશાળ રેલીના માધ્યમથી આ સંદેશને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડી લોકશાહીના રક્ષણ માટે દરેક નાગરિકને સહભાગી બનાવવામાં આવશે.

# ભાડા વિધેયકના નવા નિયમો સામે વકીલોની આરપારની જંગ

## અચોક્કસ મુદતની હડતાળથી અદાલતી કામગીરી ઠપ્પ, સામાન્ય જનતાના હિત માટે વકીલ આલમ મેદાને

રાજકોટ, તા. ૫

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતભરના ન્યાયતંત્રમાં એક અભૂતપૂર્વ ચળવળ જોવા મળી રહી છે. સરકાર દ્વારા લાવવામાં આવેલા નવા 'ભાડા વિધેયક'ના વિરોધમાં રાજ્યભરના વકીલોએ અચોક્કસ મુદત માટે કોર્ટ કામગીરીથી સંપૂર્ણપણે દૂર રહેવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. રાજ્યના તમામ બાર એસોસિએશન દ્વારા સર્વાનુમતે લેવાયેલા આ નિર્ણયને પગલે રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા સહિત તમામ જિલ્લા અને તાલુકા અદાલતોમાં સન્નાટો વ્યાપી ગયો છે. વકીલોએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી સામાન્ય જનતાના હિતોને નુકસાન પહોંચાડતો આ કાયદો સંપૂર્ણપણે રદ કરવામાં નહીં આવે અથવા તેમાં પ્રજાલક્ષી સુધારા કરવામાં નહીં આવે, ત્યાં સુધી આ લડત યથાવત રહેશે.

અદાલત પરિસરમાં સવારથી જ વિશાળ સંખ્યામાં ધારાશાસ્ત્રીઓ એકત્રિત થયા હતા અને સરકારની પ્રજા વિરોધી નીતિઓ સામે ભારે બેનરો અને સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વકીલોનો મુખ્ય આક્ષેપ એ છે કે નવું ભાડા વિધેયક દેખાવમાં જેટલું સુધારાવાદી લાગે છે, વાસ્તવિકતામાં તેટલું જ જટિલ અને આમ નાગરિકો માટે શ્રમદાયી છે. આ નવા કાયદાની જોગવાઈઓને કારણે મધ્યમ અને નીચલા વર્ગના ભાડૂતો તેમજ નાના વેપારીઓ પર અણધાર્યો કાયદાકીય અને આર્થિક બોજ આવી પડશે. મકાનમાલિક અને ભાડૂત વચ્ચેના સામાન્ય વિવાદોમાં પણ એવી કડક અને અસ્પષ્ટ શરતો ઉમેરવામાં આવી છે, જેનાથી કાનૂની સંઘર્ષ ઘટવાને બદલે સતત વધશે અને નાના માણસો પોતાનું ઘર કે દુકાન બચાવવા માટે સતત ભયના ઓથાર હેઠળ જીવવા મજબૂર બનશે.




આ વિરોધ પ્રદર્શન દરમિયાન વકીલ મંડળના વરિષ્ઠ આગેવાનોએ જણાવ્યું હતું કે, વકીલોનો આ વિરોધ માત્ર પોતાના વ્યાવસાયિક હિતો કે કામકાજ પૂરતો સીમિત નથી, પરંતુ સમાજના નબળા અને વંચિત વર્ગના અધિકારોનું રક્ષણ કરવા માટેનો એક સૈદ્ધાંતિક સંગ્રામ છે. બંધારણે દરેક નાગરિકને ન્યાય મેળવવાનો મૂળભૂત અધિકાર આપ્યો છે, પરંતુ નવા ભાડા વિધેયકના જટિલ સેટઅપને લીધે સામાન્ય માનવી ન્યાયતંત્રના દ્વાર સુધી પહોંચે તે પહેલાં જ કાયદાકીય ગૂંચવણો અને સરકારી લાલફીતાશાહીમાં ફસાઈ જશે.

અચોક્કસ મુદતની આ હડતાળને કારણે અદાલતોમાં દૈનિક ધોરણે ચાલતી હજારો કેસોની સુનાવણી, સાક્ષીઓની જુબાની અને સિવિલ તથા ક્રિમિનલ દાવાઓની પ્રક્રિયા સંપૂર્ણપણે સ્થગિત થઈ ગઈ છે. વકીલ એસોસિએશને માનવતા અને કાનૂની નૈતિકતાના ધોરણે માત્ર અત્યંત તાકીદની એટલે કે 'ઇમરજન્સી' બાબતો (જેમ કે જામીન અરજીઓ કે તાત્કાલિક સ્ટે ઓર્ડર) પૂરતી સીમિત છૂટછાટ આપી છે, જ્યારે બાકી તમામ કામગીરીથી વકીલો સંપૂર્ણ અળગા રહ્યા છે. આ પરિસ્થિતિને કારણે આજે કોર્ટ પરિસરમાં આવેલા હજારો અરજદારોને આગામી તારીખો લઈને પરત ફરવું પડ્યું હતું.

હાલની સ્થિતિ જોતાં વકીલ આલમનો આક્રોશ ચરમસીમાએ છે. જો સરકાર દ્વારા વકીલો પ્રતિનિધિમંડળ સાથે સત્વરે વાટાઘાટો યોજીને આ કાયદાકીય ક્ષતિઓ સુધારવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ વ્યાપક અને ઉગ્ર બને તેવા પૂરેપૂરા એંધાણ છે. અદાલતી કામગીરી લાંબા સમય સુધી અટકેલી રહેવાના કારણે પેન્ડિંગ કેસોનો ભરાવો વધશે, જેનો આખરી ફટકો પણ ન્યાયની રાહ જોઈ રહેલી જનતાને જ પડશે. હવે સમગ્ર રાજ્યની નજર સરકારના આગામી વલણ અને નિર્ણયો પર ટકેલી છે.

# ગડકરીજી જરા ધીમે!

## સૌરાષ્ટ્રમાં હાઈવેની મોટીમોટી વાતો, પણ વાસ્તવિકતા અતિ ખરાબ



કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે સૌરાષ્ટ્રમાં મુસાફરી સુપરફાસ્ટ થશે. ૧૯૬ કિમી લાંબા ગઇ-૩૫૧ઋ નું કાયાકલ્પ થશે અને ટ્રાફિક તથા અકસ્માતોથી મુક્તિ મળશે. પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. તંત્ર દ્વારા માત્ર મોટીમોટી વાતો જ કરવામાં આવે છે. પ્રજા માટે આ ગંજાવર દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. સૌરાષ્ટ્રમાં નેશનલ હાઈવેની હાલત અત્યંત દયનીય અને બદહાલ બની ગઈ છે. વાહનચાલકો પાસેથી ભારે ટોલટેક્સ વસૂલવામાં આવે છે. સામેપક્ષે ભાંગેલા અને તૂટેલા માર્ગો જ ભેટમાં મળે છે.

હાઈવે પર ઠેર-ઠેર ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળે છે. જેના કારણે વાહનોને ભારે નુકસાન થાય છે. મુસાફરોનો સમય અને પૈસા બંને બરબાદ થાય છે. તંત્ર દ્વારા અદભુત હાઈવે બનાવવાની વાતો થાય છે. પરંતુ પ્રજા દરરોજ હાલાકીનો સામનો કરી રહી છે. સૌપ્રથમ જે હાઈવે હયાત છે તેને સુધારો. પ્રજાને ખોટા સપના ન દેખાડો. રસ્તાઓની ગુણવત્તા અત્યંત નબળી છે. અકસ્માતોનું સતત વધત જાય છે. ટોલટેક્સ વસૂલવામાં એક પણ રૂપિયો જતો કરાતો નથી. પરંતુ સુવિધાના નામે માત્ર શૂન્ય જ મળે છે.

આવા મોટા પ્રોજેક્ટ્સની જાહેરાતો માત્ર કાગળ પર જ રહે છે. પ્રજાને મૂળભૂત અને સારા રસ્તાઓ આપવાની પ્રાથમિક ફરજ છે. ભાંગેલા અને ગંજાવર ખાડાવાળા રસ્તાઓ પરથી પસાર થવું ખૂબ જોખમી છે. વાહનચાલકો આર્થિક રીતે પિસાઈ રહ્યા છે. તંત્રએ તાત્કાલિક ધોરણે જાગવાની જરૂર છે. નવા પ્રોજેક્ટોના સપના દેખાડવા કરતાં અત્યારના રસ્તાઓનું રિપેરિંગ કરવું જરૂરી છે. જનતા હવે વાસ્તવિક કામગીરી જોવા માંગે છે. પોકળ વાતો અને જાહેરાતોથી લોકો કંટાળી ગયા છે.

સૌરાષ્ટ્રના તમામ નેશનલ હાઈવેની સ્થિતિ સુધારવી અનિવાર્ય બની ગઈ છે. ગંજાવર ટોલટેક્સ લીધા પછી પણ જો સારા રસ્તા ન મળે તો તે અન્યાય છે. સરકારે તાત્કાલિક ધોરણે આ બદહાલત દૂર કરવી જોઈએ. પ્રજાના પરસેવાની કમાણીનો યોગ્ય ઉપયોગ થાય તે જરૂરી છે. ખાડાઓ પૂરીને રસ્તાઓને સુરક્ષિત અને મજબૂત બનાવવામાં આવે. ખોટા સપનાઓ આપવાનું બંધ કરીને હકીકતમાં રસ્તાઓ સુધારવામાં આવે તે જ સમયની માંગ છે. કેન્દ્રિય મંત્રી ગડકરીજીએ તાજેતરમાં કરેલા વિધાનો થોડા અવાસ્તવિક હોવાનું માની શકાય.

# ગુનેગારોના મનમાં ડર જગાડવો જરૂરી : સુપ્રીમ

## મહિલાઓ અને સગીરો સામે બળાત્કાર અને જાતીય ગુનાઓમાં દિલ્હી પોલીસને સુપ્રીમની ટિપ્પણી

નવીદિલ્હી, તા. ૫

સુપ્રીમ કોર્ટે આજે દિલ્હી-એનસીઆરમાં મહિલાઓ અને સગીરો સામે બળાત્કાર અને જાતીય ગુનાઓમાં સતત વધારો થવાના કેસની સુનાવણી કરી. સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને પૂછ્યું કે આવા ગુનાઓને રોકવા માટે કયા નિવારક પોલીસ પગલાં લઈ શકાય. ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને કે. વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે ફક્ત કાગળ પરના આદેશો અને નિર્દેશો પૂરતા નથી; તેમની અસર જમીન પર દેખાતી હોવી જોઈએ. કોર્ટે દિલ્હી પોલીસ પાસેથી મહિલાઓ અને બાળકોના રક્ષણ માટે લેવામાં આવેલા પગલાં અંગે સ્ટેટસ રિપોર્ટ પણ માંગ્યો હતો. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ જે.બી. પારડીવાલાએ કહ્યું, ''જ્યાં સુધી તમે ગુનેગારોના મનમાં ડર નહીં જગાડો કે જો તેઓ કંઈક કરશે તો તેમને મારી નાખવામાં આવશે, ત્યાં સુધી તમે આવા ગુનાઓ રોકી શકશો નહીં... તમારે એવા લોકોના મનમાં ડર જગાડવાની જરૂર છે જેઓ આવા ગુનાઓ કરવા માટે તૈયાર છે.'' સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને આવા ગુનાઓને રોકવા માટે અસરકારક પગલાં લેવા વિનંતી કરી. સુનાવણી દરમિયાન માનવ અધિકારો અને આરોપીઓના અધિકારો સાથે સંબંધિત કલમ ૨૧ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને દિલ્હી પોલીસને કહ્યું કે તેમણે ખાતરી કરવી જોઈએ કે દિલ્હીની દરેક મહિલા રાત્રે ૧૦ વાગ્યે ચાલીને જાય કે મેટ્રો કે રોડ દ્વારા મુસાફરી કરતી હોય, તે સુરક્ષિત અનુભવે.

સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને કડક વલણ અપનાવવા સૂચના આપી, જો જરૂરી હોય તો ખૂબ જ કડક પણ. એવા લોકો હશે જેઓ કલમ ૨૧ (જીવનનો અધિકાર)નો ઉપયોગ કરશે અને ગુનેગારો સાથેના દુર્વ્યવહારનો વિરોધ કરતા માનવાધિકાર જૂથોને ટાંકીને જણાવશે. કોર્ટે જણાવ્યું હતું કે અધિકારીઓ બળાત્કાર જેવા જઘન્ય ગુનાઓ કરનારા ગુનેગારો સામે કડક કાર્યવાહી કરી શકે છે, પછી ભલે તે કોઈ પણ જૂથ હોય. સુપ્રીમ કોર્ટે એવો પણ આગ્રહ કર્યો હતો કે બળાત્કાર અને




જાતીય ગુનાઓના પેન્ડિંગ કેસોનો ઝડપથી ઉકેલ લાવવામાં આવે અને ચાર્જશીટ ટૂંક સમયમાં દાખલ કરવામાં આવે.

જસ્ટિસ પારડીવાલાએ શાળાઓ અને કોલેજોની આસપાસ સુરક્ષા વ્યવસ્થા પર પણ ધ્યાન આપવાનું કહ્યું. તેમણે એવા વિસ્તારો તરફ ધ્યાન દોર્યું જ્યાં ગુંડાઓ અથવા અસામાજિક તત્વો નવા વિદ્યાર્થીઓને હેરાન કરે છે. કોર્ટે જણાવ્યું હતું કે આવા વિસ્તારોમાં યોગ્ય પગલાં લેવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટના ૨૮ સપ્ટેમ્બરના આદેશમાં જાહેર સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યાનો, રસ્તાઓ, બજારો અને જાહેર પરિવહનમાં સુરક્ષા વ્યવસ્થા અંગે પણ માહિતી માંગવામાં આવી હતી. કોર્ટે મોડી સાંજ અને વહેલી સવારના સમયે સુરક્ષા વ્યવસ્થાની અસરકારકતા વિશે પણ પૂછપરછ કરી હતી, જ્યારે જાહેર સ્થળોએ ટ્રાફિક ઓછો હોઈ શકે છે.

સુપ્રીમ કોર્ટે જાહેર પરિવહન અને મહિલાઓ દ્વારા વારંવાર આવતા સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. અગાઉની કોર્ટ સુનાવણીમાં, દિલ્હી પોલીસને સંવેદનશીલ અને સંવેદનશીલ વિસ્તારોને ઓળખવા, સીસીટીવી અને સ્ટ્રીટલાઇટની સ્થિતિ તપાસવા અને પેટ્રોલિંગ સિસ્ટમનું ઓડિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેણે આ હેતુ માટે જિલ્લા-સ્તરીય ટીમોની રચના કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે ભાર મૂક્યો હતો કે પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા બનાવેલા નિયમો, આદેશો અને માર્ગદર્શિકા ફક્ત ત્યારે જ અસરકારક છે જો તેનું જમીન પર પાલન કરવામાં આવે.

## જસ્ટિસ નરીમાને ચૂંટણી પંચની કામગીરી પર ગુસ્સો વ્યક્ત કર્યો

# મતદાનનો અધિકાર ખતરામાં સુપ્રીમ જલ્દી નિર્ણય લ્યે




નવીદિલ્હી, તા. ૫

સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ને લગતા વિવાદમાં ચૂંટણી પંચ પર મતદારોના નામ કાઢી નાખવાનો અને તેમના મતદાન અધિકારોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુયાન પછી, ન્યાયાધીશ નરીમાને પણ આ મુદ્દા પર ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રોહિન્ટન ફાલી નરીમાને ભારતના ચૂંટણી પંચની કામગીરી પર ગંભીર ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, ''તમારી પાસે એવું ચૂંટણી પંચ ન હોઈ શકે જે આ રીતે કાર્ય કરે અથવા યોગ્ય રીતે કાર્ય ન કરે.'' ન્યાયાધીશ નરીમાને મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (જીઈછ) દરમિયાન મોટી સંખ્યામાં મતદારો કાઢી નાખવાના આધારે આ ચિંતા વ્યક્ત કરી હતી અને અહેવાલ આપ્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનરે અન્ય બે ચૂંટણી કમિશનરોના વાંધાઓને અવગણીને ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા હતા. ન્યાયાધીશ નરીમાને દુઃખ વ્યક્ત કર્યું હતું કે પશ્ચિમ બંગાળમાં ૯ મિલિયન મતદારો કાઢી નાખવા છતાં, સુપ્રીમ કોર્ટે મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ને રોકવા માટે કોઈ નક્કર પગલાં લીધા નથી.

ન્યાયાધીશ નરીમાને ચૂંટણી કમિશનરોની નિમણૂકને વર્તમાન સરકારના હાથમાં સંપૂર્ણપણે છોડી દેવાના નિર્ણયને ''ચેતવણી સંકેત'' ગણાવ્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે આનાથી મતદાનનો અધિકાર ગંભીર ખતરામાં મુકાઈ ગયો છે. સુપ્રીમ કોર્ટે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર અધિનિયમની માન્યતા પર શક્ય તેટલી વહેલી તકે નિર્ણય લેવો જોઈએ. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુયને પણ SIR અંગે ઉઠાવવામાં આવેલા પ્રશ્નો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, ''મૃત મતદારના કિસ્સામાં સિવાય, એકવાર મતદાર યાદીમાં નામ સામેલ થઈ જાય, તો તેને નોટિસ અને સુનાવણી વિના દૂર કરી શકાતું નથી.'' સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશે જણાવ્યું હતું કે મતદાન કરવાનો અથવા મતદાર યાદીમાં સામેલ થવાનો અધિકાર ભારતીય નાગરિકની ઓળખથી અલગ કરી શકાતો નથી. ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુયને ઈઉંઈ સૂર્યકાંતના દીક્ષાંત સમારોહમાં ભાગ લેવાનો વિરોધ કરનારા NALSAR વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું, ''તમે દેશ અને દુનિયાને બતાવ્યું છે કે યુનિવર્સિટીનો વિદ્યાર્થી, ખાસ કરીને કાયદાનો વિદ્યાર્થી કેવો હોવો જોઈએ. તમે તેજસ્વી છો, તમે નિર્ભય છો અને તમે બહાદુર છો.''

# બ્રહ્મપુત્ર નદી પર ૮૦ વર્ષ બાદ આંતરરાષ્ટ્રીય વેપાર શરૂ

## આસામના દિબ્રુગઢથી બાંગ્લાદેશ માટે પ્રથમ આંતરરાષ્ટ્રીય કાર્ગો શિપમેન્ટ રવાના : ૧,૦૮૦ ટન મિથેનોલ વહન કરતા બે જહાજો ઢાકા પહોચશે

નવીદિલ્હી, તા. ૫

આઝાદીના લગભગ ૮૦ વર્ષ પછી, પ્રથમ આંતરરાષ્ટ્રીય કાર્ગો કન્સાઇનમેન્ટ આસામના ડિબ્રુગઢથી બાંગ્લાદેશ માટે રવાના થયું. કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલે બોગીબીલ ટર્મિનલથી આ પ્રથમ સફરને લીલી ઝંડી આપી. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા વર્ચ્યુઅલી આ કાર્યક્રમમાં જોડાયા. આ કાર્ગોમાં આસામ પેટ્રોકેમિકલ્સ લિમિટેડ (અઙઈક) દ્વારા ઉત્પાદિત ૧,૦૮૦ ટન મિથેનોલનો સમાવેશ થતો હતો. બંને જહાજો કુલ ૫૪ ઈંજ્ય ટાંકી કન્ટેનર વહન કરી રહ્યા છે, જેમાં દરેકમાં આશરે ૨૦ ટન મિથેનોલ છે. બંને જહાજો ૫૪૦ ટન કાર્ગો વહન કરી રહ્યા છે.

આ કાર્ગો બોગીબીલથી રાષ્ટ્રીય જળમાર્ગ-૨, બ્રહ્મપુત્ર દ્વારા આગળ વધશે. ત્યારબાદ જહાજો ભારત-બાંગ્લાદેશ પ્રોટોકોલ રૂટ દ્વારા બાંગ્લાદેશમાં પ્રવેશ કરશે અને ઢાકાના પંગાઓ બંદર સુધી પહોંચશે. બોગીબીલથી બાંગ્લાદેશ સરહદ સુધીનો જળમાર્ગ આશરે ૭૮૩ કિલોમીટરનો છે, અને આ પટ્ટામાં લગભગ સાત દિવસ લાગવાની ધારણા છે. હવે, આસામના ઔદ્યોગિક વિસ્તારોમાં ઉત્પાદિત માલ રોડ કે રેલને બદલે સીધા નદી દ્વારા આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચવાની નવી શક્યતા છે. આ વાર્તાનો એક રસપ્રદ ભાગ એ છે કે આ કાર્ગો માટે બે જહાજોનો ઉપયોગ થઈ રહ્યો છે. આ જહાજો આસામ સરકારના આંતરિક



જળ પરિવહન વિભાગના હતા અને લગભગ ત્રણ દાયકાથી ઉપયોગમાં લેવાતા ન હતા. અઙઈક એ તેમને ભાડે લીધા, ગુવાહાટીના પાંડુ ખાતે તેમનું નવીનીકરણ કર્યું અને તેમને વાણિજ્યિક ઉપયોગ માટે ફરીથી સક્ષ કર્યા. હવે, આ જહાજો બ્રહ્મપુત્ર દ્વારા તેમના પ્રથમ આંતરરાષ્ટ્રીય કાર્ગો શિપમેન્ટ લઈ રહ્યા છે.

આ સફર સાથે, બોગીબીલ ખાતે નવું આંતરિક જળ પરિવહન ટર્મિનલ પણ આંતરરાષ્ટ્રીય વ્યાપારી કામગીરી તરફ આગળ વધી રહ્યું છે. ટર્મિનલ પર એક કાર્ગો જેટી, વેરહાઉસ અને કસ્ટમ સુવિધાઓ બનાવવામાં આવી છે. કેન્દ્ર સરકાર અને ઈંઠઅઈ બોગીબીલને સ્થાનિક કાર્ગો પરિવહન માટે માત્ર એક કેન્દ્ર તરીકે નહીં, પણ ઉત્તરપૂર્વના ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડતા એક મહત્વપૂર્ણ જળમાર્ગ તરીકે વિકસાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. પ્રથમ શિપમેન્ટ મિથેનોલ છે, પરંતુ ભવિષ્યમાં આ માર્ગ પર ઘણા અન્ય ઉત્પાદનો મોકલવામાં આવે તેવી અપેક્ષા છે. આમાં પોલિમર, પેટ્રોલિયમ ઉત્પાદનો, કોલસો, ચા, કૃષિ ઉત્પાદનો અને આસામના ઋઈ-ટેગવાળા ઉત્પાદનોનો સમાવેશ થઈ શકે છે. આનાથી ઉપલા આસામ અને ઉત્તરપૂર્વના ઉત્પાદકોને બાંગ્લાદેશ દ્વારા અન્ય બજારોમાં પ્રવેશવાનો વિકલ્પ મળી શકે છે.

બ્રિટિશ શાસનકાળ દરમિયાન, બ્રહ્મપુત્ર નદી ઉપલા આસામ માટે એક મુખ્ય વેપાર જીવનરેખા હતી. ડિબ્રુગઢ એક મહત્વપૂર્ણ નદી બંદર તરીકે વિકસિત થયું. ચા, લાકડા અને અન્ય માલ બ્રહ્મપુત્ર નદીના કિનારે પરિવહન કરવામાં આવતા હતા, જે આસામને દેશના અન્ય ભાગો અને બાહ્ય બજારો સાથે જોડતા હતા. જો કે, ૧૯૪૭ ના ભાગલા પછી, જૂના વેપાર સંબંધો અને નદી માર્ગનો આંતરરાષ્ટ્રીય ઉપયોગ લગભગ બંધ થઈ ગયો. હવે, લગભગ આઠ દાયકા પછી, તે ઐતિહાસિક જોડાણને નવા સ્વરૂપમાં ફરીથી સ્થાપિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

# રશિયામાં કોરોના જેવો વાયરસ બનાવવામાં આવતો 'તો?

## સાઇબેરીયન લેબમાં થયેલા વિસ્ફોટથી આક્રોશ ફેલાયો : વિશ્વની નજર રશિયા પર : ફરી કોઇ મોટી આફતના એંધાણ કે શું?





નવીદિલ્હી, તા. ૫

રશિયાના સાઇબિરીયા ક્ષેત્રમાં એક પ્રયોગશાળા કાર્યકરના મૃત્યુથી પ્લેગ ફાટી નીકળવાની આશંકા વધી ગઈ છે. પરિસ્થિતિ વધુ ગંભીર છે કારણ કે મૃત્યુ પામેલી મહિલા રશિયન પ્લેગ વિરોધી સંશોધન સંસ્થામાં કામ કરતી હતી. મીડિયા અહેવાલો અનુસાર, તેના સંપર્કમાં આવેલા આશરે ૨૦૦ લોકોને તબીબી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. ઘણી હોસ્પિટલોમાં ક્વોરેન્ટાઇન પગલાં લાગુ કરવામાં આવ્યા છે, અને ઔદ્યોગિક પ્લાન્ટમાં કર્મચારીઓ માટે માસ્ક ફરજિયાત બનાવવામાં આવ્યા છે. જો કે, મહત્વપૂર્ણ વાત એ છે કે રશિયાએ હજુ સુધી પુષ્ટિ કરી નથી કે મહિલાનું મૃત્યુ પ્લેગથી થયું છે. આ જ કારણ છે કે કેટલાક મીડિયા અહેવાલો તેને ''વુહાન ભાગ ૨'' કહી રહ્યા છે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે તે COVID-૧૯ કરતા ૧૦૦ ગણું વધુ ઘાતક છે.

યુએસ ગુપ્તચર એજન્સીઓ કહે છે કે રશિયામાં જૈવિક શસ્ત્રો પર કામ હજુ પણ ચાલી રહ્યું છે. આ કાર્યક્રમો ગુપ્ત રાખવામાં આવે છે, અને આ સ્થળો બાહ્ય તપાસને પાત્ર નથી. આંતરિક રીતે પણ, કોઈપણ ભૂલો અથવા અકસ્માતો જાહેર કરવા માટે બહુ ઓછા પ્રયાસો કરવામાં આવે છે. ૧૯૭૯ માં, સોવિયેત યુનિયનના સ્વેર્ડલોવસ્કમાં એક લશ્કરી સુવિધામાંથી એન્થ્રેક્સ બીજકણ છોડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં ૬૬ લોકો માર્યા ગયા હતા. જોકે, આ ઘટના વિશેનું સત્ય ઘણા વર્ષો પછી જ બહાર આવ્યું. ચાલો વર્તમાન પરિસ્થિતિ અને શું આપણે તેનાથી સાવધ રહેવું જોઈએ તેની તપાસ કરીએ.

રશિયાના ઈર્કુત્સ્ક પ્રદેશના શેલેખોવમાં સ્થિત ઈર્કુત્સ્ક એન્ટી-પ્લેગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાઇબિરીયા એન્ડ ધ ફાર ઇસ્ટના ૨૮ વર્ષીય લેબ ટેકનિશિયન ડારિયા શિપિલોવા આ કેસમાં મુખ્ય વ્યક્તિ છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ૨૫ સપ્ટેમ્બરના રોજ, તેણીએ કામ કરતી વખતે એક ટેસ્ટ ટ્યુબ તોડી નાખી. એવો દાવો કરવામાં આવે છે કે તેમાં પ્લેગનું કારણ બનતા બેક્ટેરિયા, યર્સિનિયા પેસ્ટિસ હતું.

અહેવાલો અનુસાર, શિપિલોવાની તબિયત આ પછી બગડી. ૨૯ સપ્ટેમ્બરના રોજ તેણીને શેલેખોવ જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેણીને ન્યુમોનિયા જેવા ગંભીર લક્ષણો દેખાયા હતા અને તેની હાલત વધુ ખરાબ થતાં તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી. પરંતુ ૧ થી ૨ ઓક્ટોબરની વચ્ચે તેમનું અવસાન થયું. જોકે, આ સમગ્ર વાર્તાની હજુ સુધી સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી.

રશિયાની આરોગ્ય દેખરેખ એજન્સી, રોસ્પોટ્રેબનાડઝોરે તેને અજ્ઞાત કારણના ન્યુમોનિયા તરીકે વર્ણવ્યું છે. એજન્સીનું કહેવું છે કે દર્દીના નમૂનાનું પરીક્ષણ કરવાથી તેના વ્યાવસાયિક કાર્ય સાથે સંબંધિત કોઈ સુક્ષ્મસજીવો બહાર આવ્યા નથી. એજન્સીએ એમ પણ જણાવ્યું હતું કે સંસ્થામાં રોગકારક સુક્ષ્મસજીવો સાથે સંકળાયેલા કોઈ અકસ્માતની પુષ્ટિ થઈ નથી. આનો અર્થ એ છે કે હાલમાં બે વિરોધાભાસી વાર્તાઓ ફરતી થઈ રહી છેઃ સ્થાનિક મીડિયામાં અહેવાલ કરાયેલ પ્રયોગશાળા અકસ્માત અને પ્લેગ ચેપના અહેવાલો, અને રશિયાનું સત્તાવાર નિવેદન, જે કહે છે કે પ્લેગની પુષ્ટિ થઈ નથી. આ મુદ્દો હવે રશિયા પૂરતો મર્યાદિત નથી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું છે કે તેને ઈર્કુત્સ્કમાં શંકાસ્પદ ન્યુમોનિક પ્લેગના જીવલેણ કેસ વિશે માહિતી મળી છે. યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ અને અન્ય એજન્સીઓ સાથે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. યુએસએ એમ પણ કહ્યું હતું કે ઘણા તથ્યો હજુ પણ અપ્રમાણિત છે. તેણે રશિયાને તાત્કાલિક અને પારદર્શક રીતે સચોટ માહિતી શેર કરવા વિનંતી કરી છે.

**લોનના નામે જરૂરીયાતમંદ ખેડૂતોને નીચવી લેનારા કૌભાંડી સામે હવે પડધરી પછી રાજકોટ ડીસીબીમાં દાખલ થઇ ફરિયાદ**

# અલ્પેશ દોંગાએ વધુ એક ખેડૂતની જમીન પડાવી

# બોગસ મંડળીના નામે વ્યાજે નાણા દીધા!

**સણોસરાના ખેડુતે તબેલો બનાવવા નવ લાખ લઇ તેર લાખ પંચ્યાસી હજાર ચુકવ્યા: છતાં સિક્યુરીટીમાં મુકેલો કરોડોની જમીનનો દસ્તાવેજ રદ ન કરી દીધો**

**રદ કરવાના એક કરોડ માંગ્યા અને હથીયાર બતાવી ધમકી પણ દીધી: ડીસીબીએ ગુનો નોંધી બે આરોપી પકડ્યા: અલ્પેશની હવે પછી ધરપકડ થશે**

રાજકોટ, તા.૫

ખેડૂતોને લોનના નામે લલચાવી લોન આપવાના બદલામાં તેમની કરોડોની જમીનો સહિતની મિલ્કતો પડાવી લેવાના કૌભાંડ આચરનારા અલ્પેશ દોંગા અને તેની ટોળકીને રાજકોટ ગ્રામ્ય પોલીસે પર્દાફાશ કર્યા બાદ હવે રાજકોટ શહેર ડીસીબી પોલીસ સ્ટેશનમાં પણ તેના એક કોભાંડ મામલે ગુનો દાખલ થયો છે. જેમાં અલ્પેશ અને તેના બે સાગ્રીતોએ સણોસરાના ખેડૂતને તબેલા માટે લોન આપવાના નામે તેણે પોતાની શ્રી મની પ્લસ સહકારી મંડળીના નામે બીજા પાસેથી વ્યાજે નાણા લઇ ખેડૂતને આપી તેની નવ લાખ સામે તેર લાખ પંચ્યાસી હજાર વસુલી લીધા પછી પણ સિક્યુરીટી પેટે રાખેલી કરોડોની જમીનના દસ્તાવેજ રદ ન કરી આપી માથેથી વધુ એક કરોડની માંગણી દઇ ધમકી આપ્યાનો ગુનો દાખલ થયો છે.






વિગતો જોઇએતો રાજકોટ-અમદાવાદમાં કોલ સેન્ટરો ખોલી અલગ અલગ ખેડૂતોને લોન માટેના ફોન કરી લોન અપાવવાના બદલામાં ખેડૂતોની કરોડોની જમીન-મિલ્કતો ખાઇ જનારા કૌભાંડી અલ્પેશ દોંગા વિરૂધ્ધ રાજકોટ રૂરલ પોલીસ દ્વારા ચાલી રહેલી કાર્યવાહી વચ્ચે હવે રાજકોટ શહેર ડીસીબી પોલીસ સ્ટેશનમાં પણ ખેડૂતને લોન આપવાના નામે તેની કરોડોની જમીનનો દસ્તાવેજ પડાવી લેવાનો ગુનો દાખલ થયો છે. ખેડૂતને રૂા. ૯ લાખ અઢી ટકા લેખે વ્યાજે આપી તેના આધાર તરીકે ખેડૂતની કરોડોની જમીનનો દસ્તાવેજ મની પ્લસ શરાફી સહકારી મંડળીમાંથી લોન અપાવવાના બહાને કરાવ્યો હતો. પરંતુ આ મંડળી જ બોગસ નીકળતાં મંડળીના સંચાલક અલ્પેશ દોંગા તથા ઇન્વેસ્ટરો સામે ગુનો દાખલ કરી બે આરોપીને પકડી લેઇ તપાસ શરૂ કરવામાં આવી હતી. આ બનાવમાં ડીસીબી પોલીસ સ્ટેશન દ્વારા રાજકોટના સણોસરા ગામે રહેતાં આડત્રીસ વર્ષના લાલજીભાઇ મેપાભાઇ ફાંગલીયા નામના ખેડૂતની ફરિયાદ પરથી અલ્પેશ ગોપાલભાઇ દોંગા, જીતેન્દ્ર મનસુખભાઇ નશીત અને હરેશ કાટાવાળાની સામે ગુનો દાખલ કરાયો છે.

આ ત્રણેયએ પુર્વયોજીત કાવત્રુ રચી તેના ભાગ રૂપે મની પ્લસ શરાફી સહકારી મંડળી બનાવી હતી. જેની નોંધી જીલ્લા રજીસ્ટ્રાર સહકારીમંડળી રાજકોટ પાસે કરાવી હતી. તે વખતે પરિશિષ્ટ ફોર્મમાં પોતાના સીહત અન્ય ૧૦ પ્રયોજકોના નામ સરનામા દસ લોકોની જાણ બહાર લખી તેઓની બનાવટી સહીઓ કરી તે ડોક્યુમેન્ટ સાચા તરીકે રજીસ્ટ્રાર પાસે રજૂ કરી દઇ મંડળી ચાલુ કરી દીધી હતી. આ પછી પોતાના પાસે કે મળતીયા રોકાણકારો પાસે ધીરધારનું લાયસન્સ ન હોવા છતાં જરૂરીયાતમંદ ખેડૂતોને લોન સરળતાથી મળશે તેવી સોશિયલ મિડીયામાં જાહેરાતો ફરતી કરી હતી. સણોસરાના ખેડૂત લાલજીભાઇ ફાંગલીયાને તેમની જમીન ઉપર ગ્રામીણ બેંકની લોન ચાલુ હોઇ લોન મળી શકે તેમ ન હોઇ તેમને તબેલો બનાવવો હોઇ અલપેશ દોંગાની મંડળીમાંથી લોન લેવા સંપર્ક કરતાં તેણે જીતેન્દ્ર નશીત પાસેથી ૧૦ ટકા વ્યાજે રૂપિયા લઇ તે પૈસામાં પોતાનું ૧ ટકા કમિશન દલાલી તરીકે રાખી ખેડૂત લાલજીભાઇને રૂા. ૯ લાખ અઢી ટકા લેખે લોનના બહાને વ્યાજે આપી દીધા હતાં.

તેમજ તેના આધાર એટલે કે સિક્યુરીટી પેટે ખેડૂતની રાજકોટના ખોરાણા ગામે રેવન્યુ સર્વે નં. ૪૪ પૈકી ૩/૧ની ૪ એકર જમીન પૈકીનો બે એકર જમીનનો દસ્તાવેજ આરોપી જીતેન્દ્ર નશીતના નામે કરાવી લેવાયો હતો. આ પછી ખેડૂતે પોતે લીધેલી લોન વ્યાજ સહિત ચુકવી દીધી હોવા છતાં અલ્પેશ દોંગા સહિતનાએ દસ્તાવેજ રદ કરી ન આપી વધુ ૧ કરોડની માંગણી કરી ડરાવી ધમકામવી હરેશ નામના શખ્સે લાયસન્સવાળુ હથીયાર બતાવી એક કરોડની માંગણી કરી હતી. ડીસીબી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સી.બી. જોડજાએ શ્રી મની પ્લસ શરાફી સહકારી મંડળીના પ્રમુખ અલ્પેશ ગોપાલભાઈ દોંગા, તેના સાગરીત જીતેન્દ્ર મનસુખભાઈ નસીત (રહે. મારૂતીનગર-૩, સરદાર પટેલ કોલોની, રાજકોટ) અને હરેશ કાંટાવાળા (રહે. રાજકોટ) વિરૂધ્ધ ગુનાહિત કાવતરૂ, છેતરપિંડી, બળજબરીથી પૈસા પડાવવા અને હથિયાર બતાવી ધમકી આપવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. ફરિયાદી લાલજીભાઈના જણાવ્યા મુજબ આજથી પાંચેક વર્ષ પહેલાં તેમને તબેલો બનાવવા માટે નાણાંની જરૂરિયાત ભી થઈ હતી.

આથી તેમના મિત્ર પરેશભાઈ ઠુંમરના કહેવાથી તેઓ નાના મવા સર્કલ પાસે આવેલી અલ્પેશ દોંગાની ફાઈનાન્સ ઓફિસે ગયા હતા. કોઈ અન્ય આધાર-પુરાવા ન હોવાનું જણાવતાં અલ્પેશ દોંગાએ તેમની ખોરાણા ગામની સર્વે નંબર ૪૪ પૈકી ૩/૧ ની ૪ એકર જમીનના ૭/૧૨ અને ૮-અ ના ઉતારા મંગાવ્યા હતા. ત્યારબાદ અલ્પેશે રૂ. ૧૨ લાખની જગ્યાએ રૂ. ૯ લાખની લોન અઢી ટકા વ્યાજે મંજૂર કરવાનું કહી સિક્યુરિટી ડિપોઝિટ તરીકે જમીનનો દસ્તાવેજ પોતાના માણસોના નામે કરી આપવા જણાવ્યું હતું. સબ રજીસ્ટ્રાર કચેરીમાં પૂછપરછ દરમિયાન વેચાણ અંગે 'હા' પાડવા અને લોન બોલે છે તેમ ન કહેવા દબાણ કરાયું હતું. નાણાંની ખુબ જરૂરિયાત હોવાથી લાલજીભાઈએ તેમના પર વિશ્વાસ રાખી સબ રજીસ્ટ્રાર રૂબરૂ વેચાણ કબૂલ્યું હતું.

અલ્પેશ દોંગાના કથન મુજબ લાલજીભાઈએ પોતાની ૪ એકર જમીનમાંથી ૨ એકર જમીન જીતેન્દ્ર મનસુખભાઈ નસીતના નામે (વેચાણ દસ્તાવેજ નં. ૫૭૪૦/૨૦૨૧, તા. ૦૮/૧૦/૨૦૨૧)થી અને બાકીની બે એકર જમીન પરસોતમભાઈ હંસરાજભાઈ લુણાગરીયા (રહે. અલકાપાર્ક શેરી નં. ૩, સંતકબીર રોડ, રાજકોટ)ના નામે (વેચાણ દસ્તાવેજ નં. ૫૭૪૪/૨૦૨૧, તા. ૧૮/૧૦/૨૦૨૧) કરી આપી હતી. આ બંને દસ્તાવેજોના બદલામાં બંનેના બેંક એકાઉન્ટમાંથી રૂ. ૪-૪ લાખના ચેક અને રૂ. ૧ લાખ રોકડા મળી કુલ રૂ. ૯ લાખ લાલજીભાઈને ચુકવવામાં આવ્યા હતા. દસ્તાવેજો થયા બાદ જ્યારે ઈ-ધારા શાખામાં નોંધણી માટે અરજી થઈ, ત્યારે ઈ-ધારાના અધિકારીએ લાલજીભાઈને એકલા બોલાવી પુછપરછ કરી હતી.

લાલજીભાઈએ આ જમીન લોનની સિકચુરિટી પેટે આપી હોવાનું જણાવતાં અધિકારીએ ૭/૧૨ના રેકર્ડમાં ખરીદદારોની કાચી નોંધ પાડી નહોતી, જેથી રેવન્યુ રેકર્ડમાં જમીન લાલજીભાઈના નામે જ બોલતી રહી હતી. બે વર્ષ પછી લાલજીભાઈએ પોતાની આ જમીન એક એકરના રૂ. ૩૫ લાખ લેખે કુલ રૂ. ૧.૪૦ કરોડમાં જેરામભાઈ નારાયણભાઈ અમીપરાને વેચવાનો સોદો કરી રૂ. ૧૫ લાખ એડવાન્સ લીધા હતા. લોન ચુકવવા માટે તેઓ અલ્પેશ દોંગાની ઓફિસે ગયા ત્યારે અલ્પેશે તેના કર્મચારી હાર્દિકભાઈ પાસે હિસાબ કરાવ્યો હતો. હિસાબ મુજબ ઉપાડ રૂ. ૯,૦૦,૦૦૦, વ્યાજ જમા રૂ. ૮૦,૦૦૦ અને અન્ય રૂ. ૬૫,૦૦૦ ગણીને તા. ૦૧/૦૪/૨૦૨૩ ના રોજ કુલ રૂ. ૧૩,૮૭,૨૯૯ ભરવાના બતાવતા લાલજીભાઈએ આ તમામ રકમ રોકડેથી ચુકવી આપી હતી અને ડાયરીમાં સહી-સિક્કા કરાવ્યા હતા.

પૈસા મળી જતાં પરસોતમભાઈ લુણાગરીયાએ તા. ૦૩/૦૪/૨૦૨૫ ના રોજ દસ્તાવેજ રદ કરી આપ્યો હતો. ત્યારબાદ ફરિયાદી લાલજીભાઈએ આ જમીન મૂળ સોદા મુજબ ખરીદનાર જેરામભાઈના પુત્ર ભરતભાઈ અમીપરાના નામે કરી આપી હતી, જેની રેવન્યુ નોંધ નં. ૭૨૯૧/૨૦૨૩ તા. ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ નાયબ મામલતદાર દ્વારા પ્રમાણિત પણ થઈ ગઈ હતી. પરંતુ બીજી તરફ જીતેન્દ્ર નસીતે ૨ એકર જમીનનો દસ્તાવેજ રદ કરવાને બદલે કોર્ટમાં કેસ કરી દીધો હતો. લાલજીભાઈએ અલ્પેશ દોંગાને વાત કરતાં તેણે ટોકન લીધું છે પણ રદ નથી થયું તેમ કહી ટાળવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી જીતેન્દ્ર નસીતના ભાગીદાર હરેશ કાંટાવાળાએ લાલજીભાઈને પોતાની ઓફિસે બોલાવ્યા હતા.

ત્યાં પોતાનું લાયસન્સવાળું હથિયાર બતાવી ડરાવીને જણાવ્યું હતું કે જો દસ્તાવેજ રદ કરવો હોય તો રૂ. ૧ કરોડ આપવા પડશે, નહીંતર તમારી જમીનનો દસ્તાવેજ રદ નહીં કરીએ અને લેન્ડ ગ્રેબિંગમાં કેસ કરી જમીનનો કબજો લઈ લેશું. બીજી મુલાકાતમાં પણ રૂ. ૬૫ લાખ આપવા માટે ભારે દબાણ કરવામાં આવ્યું હતું. પોલીસ તપાસ દરમિયાન એવું પણ સામે આવ્યું છે કે અલ્પેશ ગોપાલભાઈ દોંગાએ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ પાસે અન્ય ૧૦ વ્યક્તિઓની જાણ બહાર તેમની બનાવટી સહીઓ કરી શ્રી મની પ્લસ શરાફી સહકારી મંડળી લિમિટેડનું બોગસ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર મેળવ્યું હતું.

કોઈપણ જાતનું ધીરધારનું લાયસન્સ ન હોવા છતાં, અલ્પેશ દોંગા પોતાના સાગરીત જીતેન્દ્ર નસીત પાસેથી દોઢ ટકા વ્યાજે પૈસા લાવી, તેમાં પોતાનું ૧ ટકો કમિશન રાખી ખેડૂતોને અઢી ટકા વ્યાજે આપતો હતો અને સિક્યુરિટીના બહાને કિંમતી જમીનો પોતાના મળતિયાઓના નામે લખાવી લેતો હતો. અલ્પેશ દોંગા સામે અગાઉ પડધરી પોલીસ સ્ટેશનમાં પણ આ જ પ્રકારનો ગુનો દાખલ થયેલ છે. પડધરી પોલીસે અલ્પેશના ભોગ બનનાર અન્ય ખેડૂતોને પણ આગળ આવી ફરિયાદ કરવા અપીલ કરી હતી, જેના પગલે લાલજીભાઈ ફાંગલીયાએ સામે ચાલીને રાજકોટ ડીસીબી પોલીસ સ્ટેશનમાં પહોંચી ફરિયાદ નોંધાવી હતી. જેની વિગતો ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ જણાવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિકની સુચના અંતર્ગત આ કેસમાં હાલ બે આરોપી જીતેન્દ્ર નશીત અને હરેશ કાંટાવાળાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. એસીપી ભરત બી. બસીયાની રાહબરીમાં પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ સી. બી. જાડેજા, એએસઆઇ જનકભાઇ કુગશીયા, મહેશભાઇ સોલંકી, હેડકોન્સ. પ્રતિકસિંહ રાઠોડ, સંજયભાઇ અલગોતર, નિકુંજભાઇ પટેલ વધુ તપાસ કરી રહ્યા છે. તપાસમાં અલ્પેશ દોંગા ગેંગના વધુ કારસ્તાનો ખુલવાની પુરી શક્યતા છે.

**એક જણો ઝાડ નીચે બેઠો હતો ત્યારે તેનો મિત્ર ચાલીને નીકળતાં તેણે તારા ભાઇબંધને કહે મુકી જાય એવુ બોલતાં બખેડો**

# બાબરીયા પાસે પાઇપ, ઇંટથી બાકાઝીકી : છ ઘવાયા

**ભક્તિનગર પોલીસે બકાલી અને ભંગારના ધંધાર્થીઓના પરિવારોના એક ડઝન લોકો સામે સામ-સામી એફઆઇઆર દાખલ કરી**

રાજકોટ, તા. ૫

શહેરમાં અમુક લોકો ક્યારે કયા કારણોસર બાખડી પડે તે નક્કી હોતું નથી. નહિ જેવી વાતે લોકો હથીયારો ધારણ કરી એક બીજા પર તૂટી પડતાં હોય છે. આવી જ એક ઘટના બાબરીયા કોલોની પાસે પરમેશ્વર સોસાયટી નજીક ઝૂપડપટ્ટીમાં બની હતી. જેમાં અહિ અડોશ પડોશમાં અને ભંગાર, શાકભાજીનો ધંધો કરતાં દેવીપૂજક પરિવારો વચ્ચે બોલાચાલી બાદ મારામારી થતાં એક બીજા પર હુમલો કરી દીધો હતો. જેમાં પાંચથી છ લોકો લોહીલુહાણ થઇ ગયા હતાં. મારામારીમાં લોખંડના પાઇપ, વજનકાંટા, ઇંટનો ઉપયોગ થયો હતો. એક યુવાન ઝાડ નીચે બેઠો હતો ત્યારે તેનો મિત્ર ચાલીને નીકળતાં સામે રહેતાં શખ્સે તારા મિત્રને કહે મુકી જાય એવુ બોલતાં ગાળાગાળી થયા બાદ બાકાઝીકી બોલી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો બાબરીયા કોલોની પરમેશ્વર સોસાયટી પાસે ઝૂપડપટ્ટીમાં રહેતાં રેખાબેન રમેશભાઇ ડાભી નામના એકાવન વર્ષના દેવીપૂજક પ્રૌઢ અને તેની સત્યાવીસ વર્ષની દિકરી કાજલબેન રમેશભાઇ ડાભી રાતે ઘર પાસે હતાં ત્યારે પાડોશી પુંજાભાઇ સહિતનાએ લોખંડના પાઇપથી હુમલો કરતાં બંને સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. સામા પક્ષે બકાલાના ધંધાર્થી પિસ્તાલીસ વર્ષના પુંજાભાઇલાલુભાઇ સમેચા અને તેનો સત્યાવીસ વર્ષનો દિકરો હરેશ પુંજાભાઇ સમેચા પણ પોતાના પર હુમલો












થયાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. પોલીસે હુમલામાં ઘાયલ રેખાબેનના દિકરા પારસ રમેશભાઇ ડાભીની ફરિયાદ પરથી પાડોશી હરેશ પુંજાભાઇ સમેા, પુંજાભાઇ લાલુભાઇ સમેચા, પારસ પુંજાભાઇ સમેચા, રવિ ચંદુભાઇ સમેચા, કિશન પુંજાભાઇ સમેચા, કેસરબેન પુંજાભાઇ સમેચા અને શોભનાબેન વિજય વાજેલીયા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

પારસ ડાભી ભંગારની ફેરી કરી ગુજરાન ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે રવિવારે રાતે સાડા નવેક વાગ્યે તે ઘર સામે આવેલ ઝાડ નીચે બેઠો હતો તે સમયે તેનો એક મિત્ર ત્યાંથી પસાર થતાં, સામે બેઠેલા પાડોશી હરેશ સમેસાએ તેને 'પારસને કહે તને મુકી જાય' તેમ કહ્યું હતું. આ સાંભળી હરેશની બહેન શોભનાબેને જે જતા હોય તેને જવા દે, કોઈનું નામ ન લે તેમ કહી પારસ સામું જોઈ ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. પારસે ત્યાં જઈને ગાળો બોલવાની ના પાડતાં જ હરેશ ઉશ્કેરાઈ ગયા હતા અને પારસનો કાઠલો પકડીને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા.

અવાજ સાંભળી પારસના માતા રેખાબેન અને બહેન કાજલબેન આવી જતાં તેઓ પારસને છોડાવીને ઘરે લઈ ગયા હતા. આ પછી થોડીવારમાં જ પારસ અને તેના પરિવારજનો લોખંડના પાઇપ, ઈંટો લઈને ધસી આવ્યા હતા અને હુમલો કર્યો હતો. પુંજાભાઈએ પારસના વાળ પકડી રાખ્યા હતા અને હરેશે લોખંડના પાઈપ વડે પારસના ડાબા કાનના ભાગે મારી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત પારસ સમેચાએ પારસ ડાભીના માતા રેખાબેનના માથામાં લોખંડનો પાઈપ ઝીંકી દીધો હતો. રવિએ કાજલને પાઇપ ફટકાર્યો હતો. જ્યારે શોભનાએ નાક તથા માથાના ભાગે ઈંટ મારી હતી. તેમજ અજય ડાભીના ડાબા હાથના કાંડાના ભાગે પુંજાભાઈએ પાઈપ મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. હુમલામાં પારસ, તેના માતા રેખાબેન અને બહેન કાજલને ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

આ બનાવમાં સામા પક્ષે બત્રીસ વર્ષના શોભનાબેન વિજયભાઇ વાજેલીયાની ફરિયાદ પરથી પારસ રમેશભાઇ ડાભી, અજય રમેશભાઇ ડાભી, રેખાબેન રમેશભાઇ, આરતી રમેશભાઇ અને કાજલ રમેશભાઇ વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. શોભનાબેન શાકભાજીનો ધંધો કરે છે. તેણે ફરિયાદમાં જણાવયા મુજબ તે ચારેક મહિનાથી માવતરે માતા કેસરબેન, પિતા પુંજાભાઇ અને પોતાના બે દિકરા સાથે રહે છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યા મુજબ રાતે સાડાનવેક વાગ્યે તે તથા તેમના પિતા પુંજાભાઇ, માતા કેશરબેન તથા ભાઇ હરેશ ઘરની બહાર બેઠા હતાં. આ વખતે સામે ઝાડ નીચે પાડોશી પારસ ડાભી બેઠ હતો.

તે સમયે તેણીના ભાઇ હરેશનો એક મિત્ર ત્યાંથી પસાર થતાં, હરેશે તેને 'પારસને કહે તને મૂકી જાય' તેમ કહ્યું હતું. આ સાંભળી શોભનાબેને પોતાના ભાઈને ટકોર કરી હતી કે જે જતા હોય તેને જવા દે, કોઈનું નામ ન લે. આટલી સામાન્ય વાતમાં સામે બેઠેલો પારસ ડાભી એકાએક ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપી ઝઘડો કરવા લાગ્યો હતો. હરેશએ પારસને ઝઘડો ન કરવા અને ત્યાંથી જતા રહેવા સમજાવ્યો હતો.

પરંતુ ઉશ્કેરાયેલા પારસે પોતાની ભંગારની રેકડીમાંથી લોખંડનો વજનકાંટો ઉપાડી હરેશના માથામાં ઝીંકી દીધો હતો. જેથી તે લોહીલુહાણ હાલતમા પડીગયો હતો. આ બનાવ બાદ શોભનાબેન, તેના માતા-પિતા સહિતનો પારસના ઘરે ગયા હતા. ત્યાં પારસના માતા રેખાબેન, બહેનો કાજલ, આરતી, ભાઇ અજય સહિતના હતાં. તે બધાએ ાસથે મળી પાઇપથી હુમલો કર્યો હતો. જેમાં પુંજાભાઇનું માથુ ફુટી ગયું હતું અને તેના દિકરા હરેશને પણ ઇજા થઇ હતી. પીઆઇ જે. ડી. પરમારના માર્ગદર્શનમાં પીએસઆઇ પી. બી. વારોતરીયાએ બંને ફરિયાદ દાખલ કરી હતી. આમ નહિ જેવી વાતે બાલી ગયેલી બાકાઝીકીને કારણે બે પરિવારના ડઝન લોકોને આરોપીઓ બનવાની નોબત આવી હતી.

### અલગ અલગ ગામ-શહેરમાં થઇ ચુકી છે આવી ઠગાઇઃ આમ છતાં વિદેશ જવા ઇચ્છુકો કરી રહ્યા છે આંધળુકીયા

# કેનેડા-ન્યુઝીલેન્ડના વિઝાના નામે ૩૦ લાખની ઠગાઇ

### યુવાને સગા સંબંધીઓ પાસેથી ઉછી ઉધારના લઇ એજન્ટને દીધાઃ એમ્બેસીમાંથી લેટર આવતાં છેતરપીંડી થયાની ખબર પડી

રાજકોટ, તા. .૫

વિદેશ જવા માટે ઇચ્છતા લોકો ખાસ કરીને યુવાનો ગમે તેમ કરીને ત્યાં પહોંચવા માટે સતત પ્રયાસો કરતાં હોય છે. ત્યાં પહોંચવા માટેની મોટી ફી જે તે એજન્ટો અને એજન્સીઓને તેમજ વિઝા ફી સહિતની પ્રોસેસમાંથી પસાર થવું પડતું હોય છે. ઘણા યુવાનો તો પોતાની પાસે રૂપિયા ન હોય તો ઉછી ઉધારના કે વ્યાજે લઇને કે પછી દાગીના ઘર ગીરવે મુકીને પણ નાણાની વ્યવસ્થા કરી જે તે વિઝાનું કામ કરતાં એજન્ટોને ધરી દેતાં હોય છે. પણ એવા અનેક લેભાગુઓ છે જે વર્ક પરમીટ વિઝા અપાવવાના નામે લાખો કરોડો ઉસેડીને ગાયબ થઇ ગાય છે. આ પ્રકારની અનેક એફઆઇઆર પોલીસ સુધી પહોંચ છે. અલગ અલગ ગામ શહેરમાં આવી ઠગાઇ થઇ ચુકી છે. આ વચ્ચે વધુ એક યુવાનને કહેવાતા એજન્ટે કેનેડના ન્યુઝીલેન્ડના વિઝાના નામે છેતરી ત્રીસ લાખ અઢાર હજારનો ચૂનો લગાવી દીધો હતો.

વિગતો જોઇએ તો ગાંધીનગરના કલોલની સાંઇ કૃપા સોસાયટીમાં રહેતા અને કડીની એક ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા કિરણ હરીભાઈ પરમારને અગાઉ સ્ટુડન્ટ વિઝા ઉપર ન્યુઝીલેન્ડ જવાની ઈચ્છા હતી. આ માટે તેઓ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આવેલી વી.કે.આઈ. આઈ.એમ કન્સલ્ટન્સી ખાતે ગયા હતા. ત્યાં તેમની મુલાકાત એજન્ટ વિજય પરીખ સાથે થઈ હતી. વિજય પરીખે ૩૦ લાખના ખર્ચે માત્ર પંદર દિવસમાં ન્યુઝીલેન્ડનો સ્ટુડન્ટ વિઝા અને ઓફર લેટર અપાવવાની ખાતરી આપીને યુવાનને પોતાની જાળમાં ફસાવ્યો હતો.એજન્ટ દ્વારા પ્રોસેસ કરવામાં આવતા ઓકલેન્ડ યુનિવર્સિટીમાંથી ઓફર લેટર તો આવ્યો હતો.

પરંતુ કોલેજ દ્વારા છ મહિનાનું જૂનું બેંક સ્ટેટમેન્ટ માંગવામાં આવ્યું હતું.




કિરણ પાસે નાણાકીય બચત ઓછી હોવાને કારણે તે -ોસેસ કેન્સલ થઈ હતી. આ સ્થિતિનો ગેરલાભ ઉઠાવીને એજન્ટ વિજય પરીખે તે જ રકમમાં ન્યુઝીલેન્ડના વર્ક પરમીટ વિઝા અપાવવાની નવી લાલચ આપી હતી અને જોબ ઓફર લેટરના નામે વધારાના રૂ. ૩.૫૦ લાખ રોકડા પડાવી લીધા હતા. ડિસેમ્બર ૨૦૨૫ સુધી ન્યુઝીલેન્ડનું કોઈ કામ ન થતાં લેભાગુ એજન્ટે હવે કેનેડાના વર્ક પરમીટ વિઝા ઝડપથી મળી જવાની નવી યુક્તિ રચી હતી. વિજય પરીખે પી.પી. આર. પાસપોર્ટ રિક્વેસ્ટ લેટર આવ્યા બાદ બાકીનું પેમેન્ટ કરવાનું જણાવી બાદમાં વિઝા સંબંધી કરાર ઉપર સહીઓ કરાવી લીધી હતી.

આ પછી ભરોસો જીતવા માટે ફેબ્રુઆરી મહિનામાં હોસ્પિટલમાં મેડીકલ ચેકઅપ કરાવ્યું હતું અને અગોરા મોલ ખાતે ફિંગરપ્રિન્ટ પણ અપાવ્યા હતા. ત્યારબાદ તેણે અવારનવાર નાણાંની માંગણી ચાલુ રાખી હતી. વિદેશ જવાની લાલસામાં કિરણે અને તેના પરિવારે પોતાના સગા-સંબંધીઓ પાસેથી હાથ ઉછીના નાણાં મેળવીને એજન્ટને મોટી રકમ ચૂકવી હતી. તેમણે રોકડા રૂ. ૨૯ લાખ તથા બેંક માધ્યમથી જી.એસ.ટી. સહિત રૂ. ૧.૮૦ લાખ મળીને કુલ રૂ. ૩૦.૧૮ લાખ એજન્ટ વિજય પરીખને ચૂકવી આપ્યા હતા.

જો કે મોટી રકમ ચૂકવ્યા બાદ ટપાલ મારફતે કિરણના ઘરે તેનો અસલ પાસપોર્ટ અને એક પત્ર આવ્યો હતો. આ પત્ર વાંચતા જ કિરણના પગતળેથી જમીન સરકી ગઈ હતી, કારણ કે તેમાં પાસપોર્ટ સાથે સંલગ્ન કોઈ જ એપ્લિકેશન ન હોવાનું જણાવાયું હતું અને તે ફ્રોડનો ભોગ બન્યા હોવાની સ્પષ્ટતા કરવામાં આવી હતી. આ અંગે એજન્ટ વિજયને પૂછતા તેણે ફોર્મમાં ભૂલ થઈ છે તેવું બહાનું કાઢી ફરીથી પાસપોર્ટ જમા કરાવ્યો હતો. પરંતુ બીજી વખત પણ ટપાલમાં એ જ પ્રકારનો પત્ર આવતા આખરે પોતાની સાથે લાખો રૂપિયાની ઠગાઈ થઈ હોવાનો કિરણને અહેસાસ થયો હતો.

અંતે, કિરણે ગાંધીનગરના ઇન્ફોસિટી પોલીસ મથકમાં લેભાગુ એજન્ટ વિજય પરીખ વિરૂધ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રાજ્યમાં અવાર-નવાર ઠેકઠેકાણે આવા કહેવાતા એજન્ટો વિદેશ જવા ઇચ્છુકોને છેતરતા રહે છે. આમ છતાં પરદેશ જઇ બે પાંદડે થવાની લ્હાયમાં લોકો ગમે તેવા એજન્ટોને લાખો રૂપિયા ધરી દેતાં હોય છે અને પછી પેટ ભરીને પસ્તાવો કરતાં હોય છે. આ કિસ્સામાં પણ એજન્ટ લાખો ઉસેડી ગયો હતો અને વિદેશ જવા ઇચ્છુક યુવાનને દાઝ્યા પર ડામ દેતો ગયો હતો. એક તો વિદેશ જવાની ઇચ્છા ફળીભુત થઇ નહોતી અને માથે જતાં ત્રીસ લાખથી વધુની રકમ ગુમાવી દીધી હતી. પોલીસ ગઠીયાઓને શોધી રહી છે.

### ગામે ગામ શેરીએ ગલીએ ગઠીયાઓનો ડેરાતંબુઃ વધુ એક વૃધ્ધ છેતરાયા

# ATM કાર્ડ બદલી લેભાગુએ રૂા. ૪.૩૫ લાખ ઉસેડી લીધા

### વૃધ્ધ પૈસા ઉપાડવા ગયા ત્યારે અગાઉથી હાજર ગઠીયાએ અહિ પૈસા ઉપડતા નથી બીજે જવુ પડશે કહી વૃધ્ધને બીજા મશીને લઇ જઇ કાર્ડ બદલી લીધુ અને કટકે કટકે નાણા ઉપાડી લીધા



રાજકોટ તા. ૫

ગઠીયાગીરીના કિસ્સા એક ભુલો ત્યાં બીજા ચાર પાંચ હાજર હોય છે. વધુ એક ઠગાઇ થઇ હતી. જેમાં ઉપલેટામાં ભગવતી પાર્ક-૨માં રહેતા નિવૃત રેલવે કર્મચારી સાંઇઠ વર્ષના સેવાદાસભાઇ રામકૃષ્ણભાઇ ગોંડલીયાનું બેંકનું એટીએમ કાર્ડ બદલી લઇ પાસવર્ડ મેળવી લઈ અલગ-અલગ એટીએમમાંથી રૂા.૪.૩૫ લાખ ઉપાડી લઇ છેતરપીંડી કર્યાની ઉપલેટા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ થતાં તપાસ શરૂ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો સેવાદાસભાઇએ ફરીયાદમાં જણાવ્યુ છે કહેતા તેને પોતાના બાઇક પર બેસાડી બંને કોલકી રોડ ઉપર આવેલા એટીએમમાં ગયા હતાં. જયાં તેણે એટીએમ કાર્ડથી બે વખત ટ્રન્ઝેકશન કરી પાંચ હજાર ઉપાડયા હતા. આ સમયે તે પૈસા ખીસ્સામાં મુકતા હતા ત્યારે અજાણ્યા શખ્સે તેને એટીએમ કાર્ડ આપી આ લ્યો તમારૂ એટીએમ કાર્ડ જે ચેક કર્યા વગર તેવો પોતાના ખીસ્સામાં મુકી દીધા બાદ ત્યાંથી નિકળી ગયા હતા. બાદમાં તે કામ સબબ રાજકોટ આવ્યા હતા બાદ ટીવીની ખરીદી કરવી હોવાથી ભાણેજ ભાવેશ સાથે બજારમા જઇ એટીએમ કાર્ડ લઇ પૈસા ઉપાડવા જતા પૈસા ઉપડયા ન હતાં.

અન્ય એટીએમમાં ટ્રાય કરવા છતા પૈસા ન ઉપડતા એટીએમ કાર્ડ ચેક કરતા તે હિતેશ વાઘેલા નામનું હતું જેથી શંકા જતા તેના ફોનના ટેક્ષ મેસેજ ભાણેજને બતાવતા જાવ થઇ હતી કે તેના એટીએમ કાર્ડથી સત્તરથી સત્યાવીસમી સુધીમાં અલગ-અલગ સ્થળેથી કુલ રૂા. ૪.૩૫ લાખ ઉપાડી બ્લોક કરી નાખી ફરીયાદ નોંધાવી હતી. આમ ગઠીયો મદદ કરવાના નામે કાર્ડ બદલી વૃધ્ધને છેતરી ગયો હતો.

ક તેઓ ગત નવેમ્બરમાં રેલવેમાંથી નિવૃત થયા છે ૨૧ હજાર રૂપિયા દરમાસે પેન્સન આવે છે. ગઇ સત્તરમીના રોજ પોતાની બેંકનું એ.ટી.એમ. કાર્ડ લઇ પૈસા ઉપાડવા માટે પ્રથમ જેરામભાઇ હોલ પાસે એ.ટી.એમમાં ગયા હતા. જયા એક શખ્સ અંદર ગયો હતો તેણે પોતાનું કાર્ડ એટીએમમાં નામના પૈસા ઉપડયા ન હતા.

જેથી તઓ બહાર નિકળી 'અહીયા પૈસા ઉપડતા નથી' જેથી અન્ય એટીએમમાં જવુ પડશે તેમ બોલતા તે શખ્સે પણ મારે પણ બીજા એટીએમ મશીન બાજુ આવવું

# કારમાં દારૂના જથ્થા સાથે બે પકડાયા

### પીસીબીની ટીમે બેડી ચોકડીથી માલીયાસણ ચોકડીના રસ્તે કામગીરી કરીઃ કુલ છ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે થયો

રાજકોટ તા. ૫

દારૂની હેરાફેરી ડામવા સક્રિય બનેલી પીસીબીની ટીમે વધુ એક વખત બે શખ્સને કારમાં દારૂની હેરફેર કરતાં પકડી લીધા હતાં. બેડી ચોકડીથી માલીયાસણ તરફ જતાં રસ્તા પર સ્વીફ્ટ કારમાં દારૂનો જથ્થો ભરીને નીકળેલા ચુનારાવાડ, શીવાજીનગરના બે શખ્સોને પકડી લઇ ૧.૩૯ લાખનો દારૂ અને કાર કબ્જે કરી બંને શખસની વધુ પુછતાછ હાથ ધરવામાં આવી હતી.

વિગતો અનુસાર પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ મહિપતસિંહ ઝાલા, અનિલભાઇ સોનારા, હેડકોન્સ. હરદેવસિંહ રાણા, કોન્સ. હરપાલસિંહ ઝાલાને મળેલી બાતમી પરથી બેડી ચોકડીથી માલીયાસણ ચોકડી તરફના રોડ પર વોચ રાખી જીજે૦૩એનએફ-૪૯૧૫ નંબરની સ્વીફટ કાર આંતરી લીધી હતી. જેમાં દારૂનો જથ્થો હતો. પોલીસે કારમાંથી એઇટી પીએમના રૂા. ૧,૧૪,૦૪૮ના ૧૮૦ એમએલના ૨૬૪ ચપલા તથા ગ્રીન લેબલ વ્હીસ્કીના રૂા. ૨૫૩૪૪ના ૧૮૦ એમએલના ૯૬ ચપલા કબ્જે કરી પાંચ લાખની કાર પણ જપ્ત કરી કુલ રૂા. ૬,૩૯,૩૯૨નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



પોલીસે કારમા બેઠેલા બે શખસોએ પોતાના નામ સુનિલ કિશનભાઇ સોલંકી (ચુનારાવાડ-૧, આજી નદી કાંઠે) અને સાગર ભરતભાઇ મકવાણા (શિવાજીનગર-૧૦, દૂધ સાગર રોડ) જણાવ્યા હતાં. બંનેની ધરપકડ કરી દારૂ ક્યાંથી લાવ્યા તેની તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયભાઇ રૂપાપરા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને હરપાલસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી. વધુ એક વખત પીસીબીની ટીમે દારૂનું વેંચાણ થાય એ પહેલા જ માલ સાથે બે જણાને પકડી લીધા હતાં.

# ઘરમાંથી રોકડ ચોરીનો ભેદ ખુલ્યોઃ ભાવેશ ઝડપાયો

### જીનનગરમાં પાણીપુરીના ધંધાર્થીના ઘરમાં બનાવ બન્યો હતોઃ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની ટીમે માધાપર ચોકડીએથી પકડી લીધો

રાજકોટ તા. ૫

રૈયા રોડ પર કનૈયા ચોક પાસે જીવનનગરમાં પાણીપુરીના ધંધાર્થીના ઘરમાં થયેલી ચોરીનો ભેદ ગાંધીગ્રામ પોલીસે ઉકેલી નાંખ્યો છે. પોલીસે માધાપર ચોકડી નજીકથી તસ્કરને પકડી લઇ રૂા. ૧૬ હજારની રોકડ કબ્જે કરી પુછતાછ શરૂ કરી હતી. રૈયા રોડ પર જીવનનગરમાં શેરી નં.૧માં રહેણાંક મકાન માંથી તસ્કર ગઇ તા.૨ના રૂમમાં ટીવી સ્ટેન્ડમાં પ્લાસ્ટીકના ડબ્બામાંથી રૂા. ૧૭ હજારની ચોરી કરી ગયાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ હતી. જે મામલે ગાંધીગ્રામ પોલીસ તપાસ હાથ ધરી અલગ-અલગટીમો બનાવી ગુનાનો ભેદ ઉકેલવા કવાયત શરૂ કરી હતી.



દરમીયાન બાતમીના આધારે પોલીસ માધાપર ચોકડી થી મોરબી બાયપાસ તરફ જતા પુલ પાસે સર્વિસ રોડ પરથી ભાવેશ ઉર્ફે મંત્રી રામભાઇ કાનગડ (ઉ.વ.૩૫ રહે શિવપરા-૨ બ્રહમસમાજ ચોક, રૈયા રોડ)ને પકડી રૂા. ૧૬,૧૦૦ની રોકડ કબ્જે કરી હતી. આ કામગીરી પો. ઇન્સ.એચ.પી.ગઢવી તથા પો. સબ.ઇન્સ. એ.બી.ચાવડા, તથા એ.એસ.આઇ. ચેતનસિંહ ગોહીલ તથા પો. હેડકોન્સ. ભગીરથસિંહ જાડેજા તથા મહીપાલસિંહ જાડેજા તથા પો. કોન્સ. વિપુલભાઇ ગઢવી જયદેવસિંહ પરમાર, પ્રશાંતભાઇ ગજેરા, ચંદ્રદિપસિંહ જાડેજા, કૌશિક ડાંગર તથા સતીશભાઇ લાવડીયા તથા હોમગાર્ડ હરદીપસિંહ જાડેજાએ કરી હતી.

### ફેઇલ થઇ ગયેલુ ફોનપેનું પાંચ હજાર પાંચસો પાછા મેળવવા લેવા ગૂગલ પર કસ્ટમર કેર નંબર સર્ચ કર્યો ને ગઠીયો ભેટી ગયો

# રીફન્ડના પ્રયાસમાં નિવૃત અધિકારીએ ગુમાવ્યા નાણા

### ગઠીયાઓએ પ્રોસેસના નામ એક્યાસી હજાર પડાવ્યાઃ બીજી તરફ છેતરપીંડીમાં ફરાર ઠગ મહિલા ઝડપાઇ ગઇ

રાજકોટ, તા. ૫

સાયબર ગઠીયાઓ ક્યારે કઇ જાળમાં લોકોને ફસાવીને નાણા ઉસેડી લે તેની ખબર પડતી નથી. વધુ એક ઠગાઇ આવી થઇ હતી. જેમાં ગૂગલ પર કસ્ટમર કેરનો નંબર સર્ચ કરી ફોનપેનું રીફન્ડ લેવા જતાં નિવૃત રેલ્વે અધિકારીએ નાણા ગુમાવી દીધા હતાં. બીજી તરફ લાખોની છેતરપીંડીમાં ફરાર ઠગ મહિલાને પોલીસે પકડીલીધી હતી.

પ્રથમ ફ્રોડની ઘટના જોઇએ તો વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં રહેતા અને રેલવેમાંથી સિનિયર સેક્શન એન્જિનિયર તરીકે નિવૃત્ત થયેલા સાંઇઠ વર્ષીય વ્યક્તિને ફોનપેનું ફેલ થયેલું પાંચ હજાર પાંચસો રૂપિયાનું ટ્રાન્ઝેક્શન રિફંડ કરાવવાના બહાને સાયબર ઠગોએ એકયાસી હજાર ત્રણસો સાંઇઠ રૂપિયા પડાવી લીધા હતો. સાયબર ભેજાબાજોએ ફેક યુપીઆઇ આઇડીમાં રકમ ટ્રાન્સફર કરાવીને આ છેતરપિંડી આચરી હતી. આ મામલે સિનિયર સિટીઝનની ફરિયાદના આધારે ગોરવા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે જણાવ્યું કે ગોરવા પંચવટી પાસે રહેતા આ સિનિયર સિટીઝન એસબીઆઇમાં પેન્શનનું ખાતું ધરાવે છે. બપોરે તેમના ફોનપે પરથી કરેલું ૫,૫૦૦ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન ફેલ થયું હતું, પરંતુ બેન્ક ખાતામાંથી રકમ કપાઈ ગઈ હતી.

આ અંગે તેઓ છાણી એસબીઆઇની બ્રાન્ચમાં ગયા હતા, જ્યાં બેન્ક કર્મચારીએ યુપીઆઇ સંબંધિત ઓનલાઈન ફરિયાદ કરવા જણાવતાં તેઓ ઘરે પરત આવ્યા હતા. ત્યારબાદ તેમણે ગૂગલ પર યુપીઆઇ આઇડી કટમર કેર નંબર સર્ચ કરતાં પ્રથમ આવેલી લિંક પરથી એક નંબર મેળવ્યો હતો. આ નંબર પર ફોન કરતાં સામેવાળાએ પોતે યુપીઆઇ કસ્ટમર કેરમાંથી બોલતો હોવાનું કહી ૫,૫૦૦ રૂપિયા પરત કરાવી આપવાની ખાતરી આપી હતી. આ દરમિયાન અજાણ્યા શખ્સે ફોન પર કેટલીક પ્રક્રિયા કરવાનું કહેતા સિનિયર સિટીઝનને શંકા ઉપજી હતી અને તેમણે ફોન કાપી નાખ્યો હતો. પણ થોડીવાર બાદ તે જ ઠગનો વોટ્સએપ કોલ આવ્યો હતો.

સામેવાળાએ રિફંડની પ્રક્રિયા ચાલુ હોવાનું




કહી તેમને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ ફોનપેમાં એક અજાણ્યું અને ફેક યુપીઆઇ નાખી રિફંડ મેળવવા માટેની પ્રોસેસ કરવા જણાવ્યું હતું. ઠગના કહેવા પ્રમાણે સિનિયર સિટીઝને યુપીઆઇ આઇડી નાખી આગળની પ્રક્રિયા કરી અને જેવો પોતાનો યુપીઆઇ પીન દાખલ કર્યો, કે તરત જ તેમના યુપીઆઇ ખાતામાંથી ૮૧,૩૬૦ રૂપિયા ઉપડી ગયા હતા. બેંકની યોનો એપમાં બેલેન્સ ચેક કરતાં પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં તેઓ તાત્કાલિક એસબીઆઇ બેંકમાં પહોંચ્યા હતા અને સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર આ ફ્રોડ અંગે ફરિયાદ નોંધાવી હતી. હાલ આ મામલે ગોરવા પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે સાયબર ઠગોને ઝડપી પાડવા કવાયત શરૂ કરી હતી.

સુરતના સરથાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા આશરે ૩૫ લાખની છેતરપિંડીના ગુનામાં છેલ્લા એક વર્ષથી પોલીસને થાપ આપીને નાસતી ફરતી એક શાતિર મહિલા આરોપીને ક્રાઇમ બ્રાન્ચે ચોક્કસ બાતમીના આધારે ઝડપી પાડી હતી. આ મહિલાએ પોતાના સાગરીતો સાથે મળીને રોકાણકારોને પોતાની જાળમાં ફસાવી લાખો રૂપિયાનો ચૂનો ચોપડ્યો હતો. મહિલા આરોપી અને તેની ટોળકીએ લોકોના ખિસ્સા ખંખેરવા માટે એક સુનિયોજિત કાવતરું ઘડ્યું હતું. આરોપી શિવાની પંડ્યાએ તેના પતિ ભાર્ગવભાઈ પંડ્યા તેમજ અન્ય સાગરીતો ઇન્દ્રજીત અરોરા, પ્રકાશ ગુમા અને શ્વેતા ગુમા સાથે મળીને કૌભાંડ આચર્યું હતું. તેઓએ ભેગા મળીને ફાઇનબુકર સ્પોર્ટ્સ એક્સચેન્જ નામની એક કંપની ભી કરી હતી.

આ કંપનીના માધ્યમથી રોકાણકારોનો સંપર્ક કરી માત્ર આઠ મહિનાના ટૂંકા ગાળામાં નાણાં બમણા કરી આપવાની લોભામણી લાલચ આપી છેતરપિંડીની જાળ બિછાવી હતી. નાણાં ડબલ કરવાની સ્કીમમાં ફસાયેલા રોકાણકારોએ આ ટોળકીને લાખો રૂપિયા ચૂકવ્યા હતા. શાતિર ભેજાબાજોએ રોકાણકારો પાસેથી બેંક મારફતે ૨૭,૦૦,૦૦૭ ની માતબર રકમ ટ્રાન્સફર કરાવી હતી. આટલું જ નહીં, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ૯,૨૩૩ યુએસડીટી ડોલર જેનું ભારતીય ચલણમાં મૂલ્ય અંદાજે ૮,૩૦,૯૭૦ થાય છે તેનું ક્રિપ્ટોકરન્સીમાં પણ રોકાણ કરાવ્યું હતું. ૮ મહિનાની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ રોકાણકારોએ પોતાના નાણાં પરત માંગતા આરોપીઓએ ગલ્લાંતલ્લાં શરૂ કર્યા હતા. અંતે ૩૫ લાખથી વધુની છેતરપિંડી આચરી ટોળકી ફરાર થઈ ગઈ હતી. તે હવે ઝડપાઇ જતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### ફેસબૂક પર હીન્દી ભાષામાં ઓનલાઇન સામુહિક વિવાહની જાહેરાત જોઇ ક્લીક કર્યુ અને ફોડ થયું


# લગ્નના નામે યુપીની ગેંગની ૪ લાખની ઠગાઇ

## યુવતિના ફોટા બાયોડેટા મોકલી લગ્ન નક્કી કરાવ્યાઃ રજીસ્ટ્રેશન ફી, ગોરબાપાની ફી, મડપ, કપડાના ખર્ચના નામે નાણા ખંખેર્યાઃ ટ્રેનની લખનઉની ટીકીટ પણ મોકલીઃ પણ રેલ્વે સ્ટેશને જતાં તે બોગસ હોવાની ખબર પડી

રાજકોટ, તા. ૫

અનેક રીતે ઠગાઇઓ થતી રહે છે. લગ્નના નામે પણ લોકોને છેતરવામાં આવતાં હોય છે. વધુ એક યુવાન ફેસબૂક પર સમુહ લગ્નની જાહેરાત જોઇ છતરાઇ કન્યા શોધવા જતાં છેતરાઇ ગયો હતો. આ યુવાનને યુપીની ઠગ ગેંગે લગ્ન કરાવી દેવાની લાલચ આપી તેની પાસેથી સાડા ત્રણ લાખ પડાવી લીધા હતાં. કટકે કટકે યુવાન પાસેથી નાણા મેળવી તેને કન્યા માટે યુપી લખનૌ આવવા માટે નકલી ટ્રેન ટીકીટ પણ ગઠીયાઓએ મોકલી હતી. પરંતુ બાદમાં યુવાનને પોતાની સાથે ફ્રોડ થયાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી. લગ્નના નામે છેતરતી ટોળકી પહેલા રૂબરૂમાં આવીને ખેલ પાડતી, કન્યા સાથે લગ્ન પણ કરાવતી અને કન્યા બાદમાં બે ત્રણ દિવસ કે અઠવાડીયામાં ભાગી જતી. પણ હવે આમાં ય ઓનલાઇન ઠગાઇ ચાલુ થઇ છે.

વિગતો જોઇએ તો ભાવનગરના મહુવા તાલુકાના દેગવડા ગામના ૪૩ વર્ષીય યુવક સાથે ફેસબુક પર સામૂહિક વિવાહની જાહેરાત દ્વારા મોટી છેતરપિંડી થઈ છે. ઉત્તર પ્રદેશની એક ઠગ ગેંગે લગ્ન કરાવી આપવાના બહાને યુવક પાસેથી કટકે-કટકે કુલ રૂપિયા ૩,૪૮,૧૫૪ પડાવી લીધા હતા. લખનઉના ઠગોએ યુવકને બોગસ ટ્રેન ટિકિટ પણ મોકલી હતી. આ મામલે બગદાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી જોઇએ તો સોશિયલ મીડિયાના માધ્યમથી ઠગાઈ આચરતી આંતરરાજ્ય ગેંગનો વધુ એક કિસ્સા સામે આવ્યો છે. મહુવા તાલુકાના દેગવડા ગામે રહેતા અને ખેતી તેમજ આરીભરતનું કામ કરતા તેતાલીસ અપરિણિત યુવક સાથે લગ્ન કરાવી આપવાના બહાને ઉત્તર -દેશની ઠગ ગેંગે સાડા ત્રણ લાખની માતબર રકમની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ બગદાણા પોલીસ મથકે નોંધાતા તપાસ શરૂ થઇ હતી.




પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ મહુવા તાલુકાના દેગવડા ગામે રહેતા અને ખેતી તેમજ આરીભરતનું કામ કરતા રાજુભાઈ પુનાભાઈ ગોહિલ પોતાના મોબાઈલમાં ફેસબુક વાપરી રહ્યા હતા ત્યારે તેમણે સામૂહિક વિવાહ સંમેલન નામની હિન્દીમાં એક જાહેરાત જોઈ હતી. પોતે અપરિણિત હોય અને લગ્ન કરવાની ઈચ્છા હોવાથી તેમણે કોમેન્ટ બોક્સમાં પોતાનો મોબાઈલ નંબર લખ્યો હતો.

ત્યારબાદ બીજા જ દિવસે લખનઉના નિતિનસિંહ જંગબહાદુર સિંહ નામના શખ્સે ફોન કરી પોતાની સંસ્થા લગ્ન કરાવતી હોવાનું કહી રજિસ્ટ્રેશન ફી પેટે રૂપિયા ૧,૦૫૦ ઓનલાઈન સ્કેનર મારફતે મંગાવ્યા હતા. ત્યારબાદ નિતિનસિંહે યુવકને સુનિતા અશોકસંગ તિવારી- હજરતગંજ, લખનઉ નામની યુવતી સાથે લગ્ન નક્કી થયા હોવાનું જણાવી વોટ્સએપ પર ખોટું મેરેજ કાર્ડ અને ફોટા મોકલ્યા હતા. પૂજારીની ફી, મંડપ અને કપડાંના ખર્ચના બહાને યુવક તથા તેની બહેનના બેંક ખાતામાંથી કટકે-કટકે કુલ રૂપિયા ૩,૪૮,૧૫૪ લાખ સ્કેનર મારફતે ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આ દરમિયાન ઠગોએ ગાંધીનગરથી લખનઉની ટ્રેનની બોગસ ટિકિટ મોકલી યુવક અને તેની બહેનને રવાના કર્યા હતા. જોકે ટ્રેનમાં ટીટીએ તપાસ કરતા ટિકિટ કેન્સલ હોવાનું અને ટ્રેન પંજાબ જતી હોવાનું માલૂમ પડતાં રાજુભાઈએ તપાસ કરતાં પોતે લગ્નના નામે ઓનલાઇન ફ્રોડનો ભોગ બન્યાનું સામે આવ્યું હતું. સમગ્ર ફ્રોડનો પર્દાફાશ થતાં આ અંગે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર અરજી કર્યા બાદ બગદાણા પોલીસને જાણ કરતાં નિતિનસિંહ સિંહ અને સુનિતા તિવારી વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

બીજા એક મોટા છેતરપીંડીના બનાવમાંઅમદાવાદના રાણીપ વિસ્તારમાં આવેલી સોનીની દુકાનેથી સામાજિક કાર્યકર હોવાની ઓળખ આપીને એક ગઠિયાએ રૂ. ૨.૮૬ કરોડના સોના-ચાંદીના દાગીના ખરીદ્યા બાદ રૂ. ૧.૭૯ કરોડ ન ચૂકવી છેતરપિંડી આચરી છે. આરોપીએ ગરીબ દીકરીઓને દાગીના દાનમાં આપવાના બહાને વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો. આ અંગે ભોગ બનનાર જ્વેલર્સે કાઇમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી હતી.

વધુ માહિતી અનુસાર નારણપુરા ખાતે રહેતા અને રાણીપમાં પાયલ જ્વેલર્સ નામે સોના-ચાંદીની દુકાન ચલાવતા જયેશભાઈ શાહનો સંપર્ક અમરાઈવાડીના જયેશ રાઠોડ સાથે થયો હતો. જયેશ રાઠોડે પોતે એક સામાજિક સંસ્થા ચલાવતો હોવાનું અને ગરીબ દીકરીઓને સોના-ચાંદીના દાગીના દાનમાં આપતો હોવાની ઓળખ આપી હતી. શરૂઆતમાં નિયમિત ખરીદી કરી સમયસર નાણાં ચૂકવી દઈ તેણે વેપારીનો પૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. વેપારીનો વિશ્વાસ સંપાદિત કર્યા બાદ, લગભગ એક વર્ષના સમયગાળા દરમિયાન જયેશ રાઠોડે દુકાનેથી કુલ રૂ. ૨.૮૬ કરોડના દાગીના ખરીદ્યા હતા, જેની સામે તેણે માત્ર રૂ. ૧.૦૭ કરોડ ચુકવ્યા હતા. બાકી નીકળતા રૂ. ૧.૭૯ કરોડ માંગતા તે અવારનવાર અલગ-અલગ બહાના બતાવતો હતો. વેપારીએ ઈમેલ પર બિલ મોકલી નાણાંની ઉઘરાણી કરવા છતાં કોઈ ચૂકવણી ન થતાં આખરે જયેશ રાઠોડ વિરુદ્ધ આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

### ગોડાઉનમાં કામ પુરૂ કરી હોન્ડા મુકીને નીકળી ગયોઃ શેઠે તપાસ કરતાં ઘટનાની જાણ થઇ

# યાર્ડમાં ઝેર પી જિંદગી ટૂંકાવતો શ્રમિક

## જ્યાં દવા પીધી ત્યાંનો ફોટો પાડી મોટા ભાઇને મોકલ્યોઃ સારવારમાં ખસેડાયો પણ જીવ ન બચ્યોઃ બીજા બનાવમાં ઘરકામ કરતી વખતે મહિલાનું હૃદય બંધ પડતાં મૃત્યુઃ ત્રણ વર્ષ પહેલા અકસ્માતમાં ઘવાયેલા વૃધ્ધનો જીવ ગયોઃ ચોથી ઘટનામાં કલેશથી કંટાળી રિક્ષાચાલકે કર્યો આપઘાતનો પ્રયાસ

રાજકોટ તા. ૫

અપમૃત્યુની અલગ અલગ ઘટનાઓ યથાવત રહી હતી. એક કિસ્સામાં એક વીસ વર્ષના યુવાને જુના માર્કેટ યાર્ડમાં બેંકની પાછળ ઝેર પી જીવતર ટુંકાવી લીધુ હતું. બીજા બનાવમાં એક મહિલા પારકા ઘરના કામ કરવા ગયા ત્યાં તેમને દિલ દગો દઇ જતાં જીવ ગયો હતો. ત્રીજા બનાવમાં ગોંડલ રોડ વિજયનગરના વૃધ્ધનું ત્રણ વર્ષ પહેલા અકસ્માતમાં ઈજા થયા બાદ તેઓ પથારીવશ હોઇ મૃત્યુ થયું હતું. ચોથા બનાવમાં એક રિક્ષચાલક આધેડે રિક્ષામાં જ ઝેર પી લઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી નજીક શીવનગરમાં રહેતાં ૨૦ વર્ષના યુવાને જુના માર્કેટ યાર્ડમાં ઝેર પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. પોતે યાર્ડમાં ગોડાઉનમાં મજૂરી કામ પુરૂ કરી નીકળ્યા બાદ યાર્ડમાં જ આવેલી એક બેંકની પાછળના ભાગે જઇ ઝેર પી ફોટો પાડી પોતાના ભાઇને મોકલ્યો હતો અને બનાવની જાણ કરી હતી. તેને સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. શીવનગરમાં રહેતો વીસ વર્ષનો વિકાસ ભાવુભાઇ તલસાણીયા સાંજે સાતેક વાગ્યે જુના માર્કેટ યાર્ડમાં ઝેર પી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. આપઘાત કરનાર વિકાસ ચાર ભાઇમાં નાનો હતો અને યાર્ડમાં આવેલા વિશાલભાઇના બકાલાના ગોડાઉનમાં મજૂરી કરતો હતો. તેનો મોટો ભાઇ પણ યાર્ડમાં અન્ય ગોડાઉનમાં કામ કરે છે. સાંજે સાતેક વાગ્યે તે ગોડાઉનમાં બધુ કામ પુરૂ કરીને હોન્ડા ત્યાં જ મુકીને નીકળી ગયો હતો.

વિશાલભાઇએ હોન્ડા રેઢુ જોતાં વિકાસના ભાઇને ફોન કરી વિકાસ ત્યાં આવ્યો કે કેમ? તેની પૃછા કરી હતી. એ દરમિયાન જ વિકાસે પોતે યાર્ડમાં આવેલી ડિસ્ટ્રીક્ટ બેંકની પાછળ ઝેર પી ગયો છે તેવી જાણ પોતાના ભાઇને કરી હતી અને લોકેશનનો ફોટો મોકલતાં તેના ભાઇ,



ગોડાઉનવાળા વિશાલભાઇ સહિતના દોડી ગયા હતાં અને તુરત જ સારવાર માટે ખસેડ્યો હતો. જો કે ટુંકી સારવાર બાદ વિકાસે દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. પીએસઆઇ એમ. આઇ. શેખએ તપાસ યથાવત રાખી હતી. યુવાન દિકરાના આપઘાતથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

બીજી ઘટના જોઇએ તો કોઠારીયા ગામમાં રહેતાં અને પારકા ઘરના કામ કરી ગુજરાન ચલાવતાં મહિલા ગઇકાલે સ્વાતિ પાર્કમાં ઘરકામ કરવા ગયા હતાં ત્યાં વાસણ સફાઇ કરતી વખતે એકાએક ઢળી પડતાં મૃત્યુ થયું હતું. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ જણાવ્યું હતું.કોઠારીયા ગામમાં રણુજા મંદિર પાસે રહેતાં કંચનબેન નરસીભાઇ બાવળીયા નામના અડતાલીસ વર્ષના મહિલા સ્વાતિ પાર્કમાં પારકા ઘરના કામ કરવા ગયા હતાં. ત્યાં વાસણ સફાઇ કરતી વખતે એકાએક બેભાન થઇ પડી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમના પતિ હયાત નથી. સંતાનમાં એક દિકરો અને ત્રણ દિકરી છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું ખુલ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આ બનાવથી પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો.

ત્રીજી ઘટનામાં ગોંડલ રોડ પર વિજયનગર-૮માં રહેતાં લાલજીભાઇ દલાભાઇ ચૌહાણ નામના એકસઠ વર્ષના વૃધ્ધને ત્રણ વર્ષ પહેલા ૨૦૨૩ના જુન મહિનામાં ગોંડલ રોડ શીવશક્તિ હોટલ પાસે રિક્ષાની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થઇ હતી. ત્યારથી તેઓ પથારીવશ હોઇ ગઇકાલે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં બે દિકરા છે.

ચોથા બનાવમાં એક રિક્ષાચાલકે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. કોટડા સાંગાણીના રાજપરા ગામે રહેતાં રામજીભાઇ નાનજીભાઇ ગોહેલ નામના યુવાને રાતે બોરક વાગ્યે રિક્ષા લઇને નીકળ્યા બાદ નજીકના પીપળીયા ગામે પાવર હાઉસ સામે રિક્ષામાં જ ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કોટડા સાંગાણી પોલીસને જાણ કરી હતી. રામજીભાઇ ગોહેલ બે ભાઇ અને એક બહેનમાં બીજા છે અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. કલેશને કારણે પગલુ ભર્યાનું સગાએ કહ્યું હતું. આમ ત્રણ અપમૃત્યુની ઘટના બની હતી. તો એક કિસ્સામાં યુવાને જીવ આપવાનો પ્રયાસ કર્યો હતો.

### સાયબર ગઠીયાઓ સતત છેતરી રહ્યા છેઃ વધુ એક વેપારી બની ગયા શિકાર

# આમંત્રણ પત્રિકાની લિંક ખોલી ને છ લાખનો ચાંદલો

## લોટના વેપારીનો ફોન હેક કરી ગઠીયા ખેલ પાડી ગયાઃ અચાનક બેંકમાંથી ડેબીટના મેસેજ આવવા માંડ્યા ત્યારે ફ્રોડની ખબર પડી

રાજકોટ તા. ૫

સાયબર ગઠીયાઓએ હાલમાં એપીકે ફાઇલ મારફત સૌથી વધુ ફ્રોડ આચરવાનું ચાલુ કરી દીધુ છે. લોકોને અલગ અલગ પ્રકારની આવી એપીકે ફાઇલ મોકલીને છેતરપીંડી કરવામાં આવી રહી છે. કોઇને લગ્નની કંકોત્રીના નામે, કોઇને આરટીઓના ઇ-ચલણના નામે તો કોઇને ગેસ બીલના નામે એપીકે ફાઇલથી છેતરવામાં આવી રહ્યા છે. હવે આવી જ એક ઠગાઇ લોટના હોલસેલ વેપારી સાથે થઇ હતી. તેમને આમંત્રણ કાર્ડની એક લિંક સાથે એપીકે ફાઇલ મોકલાઇ હતી. જે તેમણે ઓપન કરતાં જ તેમનો ફોન હેક કરી છ લાખથી વધુની રકમ ગઠીયાઓએ તેમના બેંક ખાતામાંથી સેરવી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો ગાંધીનગરના કલોલના છત્રાલ ગામે લોટના હોલસેલ વેપારીને વોટ્સએપમાં અજાણ્યા નંબરથી ઇન્વીટેશન કાર્ડના નામથી એપીકે ફાઇલ મોકલી સાયબર ઠગોએ ફોન હેક કરી લીધો હતો. જે બાદ બેંક ખાતામાંથી રૂા. ૬.૧૮ લાખથી વધુની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી સેરવી લેવામાં આવી છે. આ મામલે ગાંધીનગર રેન્જ સાયબર પોલીસ મથકે ગુનો દાખલ થતાં તપાસ શરૂ થઇ છે. વધુ મહિતી અનુસાર કલોલના બોરીસણા રોડ પર આવેલા બલારામ પાર્કમાં રહેતા અને છત્રાલ ખાતે ગરબી ચોક પાસે રામજી મંદિરની બાજુમાં લોટનો હોલસેલ વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવતા સંજયકુમાર નટવર પટેલ ગત સત્યાવીસમી સપ્ટેમ્બરના રોજ સાંજના સમયે ઘરે હાજર હતાં.

તે દરમિયાન તેમના મોબાઈલ નંબર ઉપર બેંકમાંથી નાણા ડેબિટ થવા અંગેના મેસેજો આવ્યા હતા. વેપારીએ કોઈપણ પ્રકારની નાણાકીય લેવડદેવડ કે વ્યવહાર કર્યો ન હોવા છતાં ખાતામાંથી બેંક બેલેન્સ ઘટવા લાગતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. પ્રાથમિક તપાસમાં તેમના એચડીએફસી બેંકના ખાતામાંથી કુલ રૂા. ૨,૭૬,૯૭૫ ઉપડી ગયા હોવાનું ધ્યાને આવતા તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ ઉપર ફોન કરી સમગ્ર ઘટનાની જાણકારી આપી હતી. તેમ છતાં મામલો અહીં જ અટક્યો ન હતો. બીજા દિવસે ફરીથી વધુ રૂા. ૩.૫૦ લાખ ખાતામાંથી ઉપડી ગયા હતા.

જેથી તેમણે ફરી સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ઉપર સંપર્ક કરી નોંધણી કરાવતા કુલ રૂા. ૬,૧૮,૯૭૫ ની રકમ જાણ બહાર સેરવાઈ ગઈ હોવાનું સ્પષ્ટ થયું હતું. આ મામલાની તપાસ દરમિયાન ખુલાસો થયો હતો કે વેપારીના મોબાઈલ નંબર ઉપર વોટ્સએપ એપ્લિકેશન મારફતે કોઈ અજાણ્યા નંબરથી એપીકે મોકલવામાં આવી હતી. આ શંકાસ્પદ એપીકે ફાઇલ વેપારીએ ઓપન કરતા મોબાઈલમાં ડાઉનલોડ થયા પછી ફોન હેક થઈ ગયો હતો અને ઠગોએ બેંક ખાતા પર કાબૂ મેળવી લીધો હતો. આ બનાવ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

રોજે રોજ આ પ્રકારની સાયબર ગઠીયાગીરી થઇ રહી છે. દરરોજ કોઇને કોઇ લોકો આ રીતે ફ્રોડનો શિકાર બની રહ્યા છે. એપીકે ફાઇલ એવો તુક્કો છે જેના વિશે લોકો જાણતા હોવા છતાં જ્યારે પણ અચાનક તેમને આવી ફાઇલ મળે છે ત્યારે કુતુહલવશ કે પછી ઉતાવળે તેઓ લિંક પર ક્લીક કરી બેસે છે અને અને તુરત જ ગઠીયાઓ તેમનો ફોન હેક કરવાની પ્રોસેસ ચાલુ કરી દે છે. ઘણો સમય સુધી ફોન ઓટોઅપડેટ મોડમાં જતો રહે છે અને ત્યાં સુધીમાં ગઠીયાઓ ડેટા પ્રોસેસ સહિતની વિગતો જે તે વ્યક્તિના ફોનમાંથી મેળવી લઇ પછી તેના આધારે ઠગાઇ કરી લે છે. આવી ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. જેમાં આ વધુ એક ઘટના સામેલ થઇ હતી.



### ગાંધીનગર સ્થિત કમલમ ખાતે

# ભાજપની ફુલ કોરમ બેઠક સંપન્ન

**કેન્દ્રીય પ્રભારી તરુણ ચુગ, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરજીની નિશ્રામાં કમલમ ખાતે મહત્વની મંથન બેઠક : અરુણ બિન્નાડી આજે રાજકોટ આવે તેવી શક્યતા : 'કમલમ'થી સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના સંગઠનનું સંચાલન કરશે**

રાજકોટ, તા. ૫

ગુજરાતમાં સંગઠન નવરચનાની પ્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન થયા બાદ ગઈકાલે રાજધાની ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે પક્ષની એક અત્યંત મહત્વપૂર્ણ અને ઉચ્ચ સ્તરીય 'ફુલ કોરમ' બેઠક યોજાઈ ગઈ છે. પક્ષના કેન્દ્રીય પ્રભારી તરુણ ચુગની ખાસ મુલાકાત દરમિયાન બપોરે યોજાયેલી આ બેઠકમાં પ્રદેશના અગ્રણી નેતાઓ, નવનિયુક્ત પદાધિકારીઓ તેમજ રાજ્યભરના તમામ જિલ્લા અને મહાનગર પ્રમુખોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આ બેઠકનું મુખ્ય આકર્ષણ પક્ષના કેન્દ્રીય અને પ્રદેશ સ્તરના નવા હોદ્દેદારોની ઉપસ્થિતિ રહી હતી. ભાજપના બે નવા સહ-પ્રભારી અજય મહાવર અને ગોમતી સાઈ તેમજ પ્રદેશમાં નવનિયુક્ત સહ-સંગઠન મહામંત્રી અરુણ બિન્નાડી પ્રથમ વખત ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. કેન્દ્રીય પ્રભારી તરુણ ચુગ, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરની પ્રેરક હાજરીમાં યોજાયેલી આ પરિચય બેઠકમાં તમામ પ્રદેશ મહામંત્રીઓ અને હોદ્દેદારો સહિત સમગ્ર રાજ્યમાંથી આવેલા જિલ્લા-મહાનગર પ્રમુખોનો પરસ્પર પરિચય કરાવવામાં આવ્યો હતો. આ તકે પક્ષના સંગઠનાત્મક માળખાને વધુ મજબૂત બનાવવાની દિશામાં ચર્ચાઓ પણ કરવામાં આવી હતી.



સંગઠનની આ બેઠક પૂર્ણ થયા બાદ સાંજે કેન્દ્રીય પ્રભારી તરુણ ચુગ, બંને સહ-પ્રભારીઓ અને નવનિયુક્ત સહ-સંગઠન મહામંત્રી અરુણ બિન્નાડીએ રાજ્યના મુખ્યમંત્રી તેમજ મંત્રીમંડળના સભ્યો સાથે પણ મહત્વપૂર્ણ મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન સરકાર અને પક્ષના સંગઠન વચ્ચે ઉત્કૃષ્ટ તાલમેલ જાળવી રાખીને આગામી સમયમાં લોકકલ્યાણકારી યોજનાઓ અને પક્ષના કાર્યક્રમોને છેવાડાના માનવી સુધી પહોંચાડવા અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

બીજી તરફ, આ મુલાકાત અને નવી નિમણૂકો સાથે સૌરાષ્ટ્ર-કચ્છ ભાજપના સંગઠન માટે પણ એક મોટા અને મહત્વના સમાચાર સામે આવ્યા છે. મૂળ કર્ણાટકના અને યુવા પ્રતિનિધિત્વ ધરાવતા નવનિયુક્ત સહ-સંગઠન મહામંત્રી અરુણ બિન્નાડી આવતીકાલે રાજકોટ પહોંચે તેવા સ્પષ્ટ સંકેતો સાંપડ્યા છે. ભાજપે પોતાની કેડરમાં જે રીતે યુવા ચહેરાઓને સ્થાન આપવાની અને સંગઠનને નવી ઊર્જા પૂરી પાડવાની નીતિ અપનાવી છે, તેમાં અરુણ બિન્નાડીની ભૂમિકા અત્યંત મહત્વની બની રહેશે.

નોંધનીય છે કે, લગભગ ૨૫ વર્ષના લાંબા સમયગાળા બાદ સૌરાષ્ટ્રમાં ભાજપના સંગઠન સહ-મહામંત્રીનો કાયમી મુકામ સ્થપાવા જઈ રહ્યો છે. આ અગાઉ, હાલમાં બિહારમાં સંગઠન મહામંત્રી તરીકે વિશિષ્ટ કામગીરી બજાવી રહેલા ભીખુભાઈ દલસાણીયા સૌરાષ્ટ્રમાં સંગઠન સહ-મહામંત્રી તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. હવે અરુણ બિન્નાડી રાજકોટ શહેર ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે આવેલી પ્રદેશ વિભાગની કચેરીથી જ પોતાનું કામકાજ સંભાળશે. તેઓ રાજકોટને કેન્દ્રમાં રાખીને સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશના પક્ષના સંગઠનની ચિંતા કરશે તેમજ તમામ જિલ્લાઓમાં સઘન પ્રવાસ કરીને સંગઠનાત્મક પ્રવૃત્તિઓને નવી ગતિ આપશે.

# રંગીલા રાજકોટમાં અર્વાચીન પ્રાચીન ગરબાનો ઘોડાપૂર ઉત્સાહ

## ૭૦૦થી વધુ સ્થળોએ જામશે ગરબાની રમઝટ, સુરક્ષા મુદ્દે પોલીસ તંત્ર કડક



રાજકોટ, તા. ૫

ખેલૈયાઓના અતિપ્રિય અને બહુપ્રતિક્ષિત તહેવાર નવરાત્રીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે રંગીલા રાજકોટમાં ગરબા મહોત્સવને લઈને ચોમેર ભારે ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે. આ વર્ષે રાજકોટ શહેરમાં નાના-મોટા થઈને કુલ ૭૦૦ થી વધુ અર્વાચીન અને પ્રાચીન ગરબાના ભવ્ય આયોજનો થવા જઈ રહ્યા છે. એક તરફ આયોજકો ગરબા મહોત્સવોને આખરી ઓપ આપવા રાત-દિવસ એક કરી રહ્યા છે, તો બીજી તરફ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા સુરક્ષાના તમામ માપદંડો પૂર્ણ થાય તે માટે મંજૂરી મેળવવા પોલીસ તંત્ર પાસે દોડી રહ્યા છે.

રાજકોટમાં આ વર્ષે ગરબાના આયોજન અંગે પોલીસ તંત્રને મળેલી અરજીઓ મુજબ, વહીવટી તંત્ર તમામ સ્તરે સજ્જ બન્યું છે. ખાનગી અને પાર્ટી પ્લોટમાં યોજાતા ૩૫થી વધુ મોટા કોમર્શિયલી અર્વાચીન દાંડિયા રાસ માટે અરજીઓ આવી છે, જ્યાં હજારોની મેદની ઉમટી પડશે. આ ઉપરાંત શહેરના વિવિધ મુખ્ય ચોક અને જાહેર મેદાનોમાં આશરે ૧૨૮ જેટલા મોટા જાહેર ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તો બીજી તરફ રાજકોટની સંસ્કૃતિ સમાન પ્રાચીન શેરી ગરબીઓનો ક્રેઝ પણ અકબંધ જોવા મળી રહ્યો છે, જ્યાં અલગ-અલગ વિસ્તારો અને મહોલ્લાઓમાં ૫૦૦ થી વધુ નાની-મોટી ગરબીઓ માટે સ્થાનિક પોલીસ મથકોમાં મંજૂરીની પ્રક્રિયા વેગવંતી બની છે.

ગત વર્ષોના અનુભવો અને સુરક્ષા બાબતોને ધ્યાનમાં રાખીને રાજકોટ પોલીસ આ વર્ષે અત્યંત કડક મોડમાં જોવા મળી રહી છે. ખાનગી અને કોમર્શિયલ ગરબાના આયોજકોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે નિયમોના પાલન વિના કોઈપણ સંજોગોમાં મંજૂરી આપવામાં આવશે નહીં. જેમા દરેક ગરબા ગ્રાઉન્ડના એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ અને પાર્કિંગ સહિતના વિસ્તારને આવરી લેતા હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરા ફરજિયાત લગાવવાના રહેશે. મોટો કાપડનો મંડપ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવાથી ફાયર વિભાગનું એનઓસી (ગઘઈ) અને પૂરતા પ્રમાણમાં અગ્નિશામક સાધનો રાખવા અનિવાર્ય કરાયા છે. તેમજ સ્ટેજ, પાર્કિંગ, બેઠક વ્યવસ્થાનું સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિફિકેટ લેવું જરૂરી રહેશે. આ સિવાય પૂરતા પ્રમાણમાં ખાનગી સિક્યુરિટી ગાર્ડ્સ અને બાઉન્સર્સ તહેનાત કરવા પડશે, જ્યારે ગરબા ગ્રાઉન્ડની અંદર ઊભા કરાતા ફૂડ સ્ટોલ્સમાં ગુણવત્તાયુક્ત ખોરાક પીરસાય તે માટે ફૂડ સેફ્ટી વિભાગના નિયમો કડકપણે લાગુ પડાશે.

માત્ર મોટા કોમર્શિયલ આયોજનો જ નહીં, પરંતુ શેરીઓમાં યોજાતી પ્રાચીન ગરબીઓમાં પણ બાળાઓ અને મહિલાઓની સુરક્ષાને સર્વોપરી રાખવામાં આવી છે. આ માટે સ્થાનિક પોલીસ સ્ટેશનોના પી.આઈ. અને પી.એસ.આઈ.ને તેમના વિસ્તારમાં આવતી તમામ ગરબીઓનું લિસ્ટ તૈયાર કરવા આદેશ આપાયા છે. રાત્રિ દરમિયાન પીસીઆર (ઝઈછ) વાન અને શી-ટીમ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવશે, જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને રોમિયોગીરી કરનારા તત્વો પર કડક લગામ કસી શકાય. હાલમાં રાજકોટ પોલીસ તમામ અરજીઓની ચકાસણી અને સ્થળ તપાસ ઝડપથી પૂર્ણ કરી રહી છે, જેથી નવરાત્રીના પ્રથમ દિવસથી જ ખેલૈયાઓ કોઈ પણ પ્રકારના ભય વગર માતાજીની આરાધના અને ગરબાની રમઝટ માણી શકે.

### ખેડૂતો તેમજ સામાન્ય અરજદારો ગંભીર મુશ્કેલીમાં મુકાયા

# DILR કચેરીમાં ૨૦ દિવસથી કામગીરી ઠપ્પ

## અરજદારો અને ખેડૂતો મુશ્કેલીમાં: જમીન માપણી અને રેકોર્ડના કામો અટકતા જનરોષ

રાજકોટ, તા. ૫

રાજકોટ સ્થિત ડિસ્ટ્રિક્ટ ઇન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ (DILR) કચેરી સાથે સંકળાયેલી મહત્વપૂર્ણ અને દૈનિક કામગીરી છેલ્લા આશરે ૨૦ દિવસથી સંપૂર્ણપણે ઠપ્પ થઈ જતાં ખેડૂતો તેમજ સામાન્ય અરજદારો ગંભીર મુશ્કેલીમાં મુકાયા છે. જમીનની માપણી, સીમ નિશાની, હદ નિર્ધારણ અને જમીન સંબંધિત અન્ય વિવિધ દસ્તાવેજી કામગીરી માટે અરજીઓ કરનારા લોકોને સમયસર કોઈ કાર્યવાહી ન મળતા કચેરીના અવિરત ધક્કા ખાવાની નૌબત આવી છે. જમીનને લગતા વિવાદોના નિકાલ તેમજ માપણી આધારિત નિર્ણયો લેવામાં ઉંઈંક્ષ કચેરીની ભૂમિકા અત્યંત નિર્ણાયક હોય છે, પરંતુ આવી મહત્વની કચેરીની કામગીરી જ લાંબા સમયથી પ્રભાવિત રહેતાં તેની સીધી અને વિપરીત અસર ખેડૂતો અને જમીન માલિકોના રોજિંદા વહીવટ પર પડી રહી છે. જમીનના હક, હદ કે માપણી અંગેની અરજીઓ પર સમયસર કોઈ નિકાલ ન થવાને કારણે આગળની તમામ કાયદાકીય અને સરકારી પ્રક્રિયાઓ પણ અટકી પડી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.




મળતી માહિતી મુજબ, DILR કચેરીના અનેક કર્મચારીઓ પોતાની વિવિધ માંગણીઓને લઈને સેવામાં કાર્યરત ન હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે. કચેરીના વહીવટમાં સર્જાયેલા આ વિલેખના કારણે છેલ્લા ૨૦ દિવસથી દરોજ મોટી સંખ્યામાં અરજદારો કચેરીનો સંપર્ક કરી રહ્યા છે, પરંતુ કામગીરી ક્યારે પૂર્વવત થશે અથવા તો પેન્ડિંગ પડેલી અરજીઓનો નિકાલ કઈ રીતે અને ક્યારે કરવામાં આવશે તે અંગે કોઈ જ સ્પષ્ટતા અધિકારીઓ કે તંત્ર દ્વારા કરવામાં આવતી નથી. સરકારી તંત્રની આ અસ્પષ્ટતા અને બિનકાર્યક્ષમતાને કારણે દૂર-દૂરના ગામડાઓમાંથી આશા લઈને આવતા ખેડૂતોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે.

DILR કચેરીની કામગીરીનો સીધો સંબંધ જમીનના સત્તાવાર રેકોર્ડ અને માપણી સાથે જોડાયેલો હોવાથી જો આ પ્રકારની અચોક્કસતા અને ઠપ્પ કામગીરી હજુ પણ લાંબો સમય ચાલુ રહેશે તો ખેડૂતો અને જમીનધારકોને મોટો આર્થિક ફટકો પડવાની સાથે સમયનો પણ ભારે બોજ સહન કરવાનો વારો આવશે. આ ઉપરાંત જમીનના ખરીદ-વેચાણના વ્યવહારો, બેંક લોન સંબંધિત કામગીરીઓ અને અન્ય કાયદેસરની પ્રક્રિયાઓ પણ ભારે વિલંબિત થવાની શક્યતા સેવાઈ રહી છે.

સમગ્ર પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને સંબંધિત ઉચ્ચ તંત્ર તથા શાસકો દ્વારા આ મામલે તાત્કાલિક ધોરણે ધ્યાન આપવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે. કચેરીની કામગીરીમાં સર્જાયેલા આ વિક્ષેપનું ચોક્કસ કારણ શોધીને તેનું કાયમી અને યોગ્ય નિરાકરણ લાવવામાં આવે તેમજ છેલ્લા ૨૦ દિવસથી પેન્ડિંગ પડેલી તમામ અરજીઓનો ઝડપી અને સમયબદ્ધ નિકાલ થાય તે માટે તાત્કાલિક અસરથી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠી રહી છે, જેથી કરીને સામાન્ય અરજદારોને કચેરીના વારંવાર અકારણ ધક્કા ખાવામાંથી મુક્તિ મળી શકે.

# તહેવારો ટાણે જ પુરવઠા વિભાગનું સર્વર ઠપ્પ

## રાજ્યના ૭૨ લાખથી વધુ રેશનકાર્ડધારકો અનાજ વગર રામભરોસે! : ૪ દિવસથી ઓનલાઈન સિસ્ટમ ખોરવાતાં વિતરણ વ્યવસ્થા ઠપ્પ

રાજકોટ, તા. ૫

તહેવારો આંગણે આવીને ઊભા છે ત્યારે જ રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે મોટો ટેકનિકલ ધબડકો સામે આવ્યો છે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા વિભાગનું ઓનલાઈન સર્વર છેલ્લા ચાર દિવસથી સંપૂર્ણપણે ખોરવાઈ જતાં સમગ્ર રાજ્યમાં સસ્તા અનાજની વિતરણ વ્યવસ્થા ચરમરાઈ ગઈ છે. આ ગંભીર ટેકનિકલ ખામીના કારણે અમદાવાદ સહિત સમગ્ર રાજ્યના ૭૨ લાખથી વધુ રેશનકાર્ડધારકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. તહેવારોના દિવસો નજીક હોવાથી ઓક્ટોબર મહિનાનું નિયમિત અનાજ અને ખાંડ મેળવવા માટે સામાન્ય નાગરિકોને વ્યાજબી ભાવની દુકાનોના અવિરત ધક્કા ખાવા પડી રહ્યા છે, પરંતુ સર્વર ઠપ હોવાથી તેમને ખાલી હાથે પરત ફરવું પડી રહ્યું છે.

હકીકતમાં, આ વખતે સ્થિતિ વધુ ગંભીર એટલા માટે છે કારણ કે જથ્થાની કોઈ અછત નથી, પણ માત્ર સિસ્ટમની નાકામી નડી રહી છે. રાજ્યની ૧૭ હજારથી વધુ સરકારી સસ્તા અનાજની દુકાનોમાં ઓક્ટોબર મહિનાનો નિયમિત જથ્થો તેમજ દિવાળી નિમિત્તે ફાળવવામાં આવતો વધારાનો તહેવારી જથ્થો ગત સપ્તાહમાં જ પહોંચાડી દેવામાં આવ્યો છે. આ ખાસ તહેવારી જથ્થામાં સીંગતેલ, વધારાની ખાંડ, ચણા અને તુવેર દાળનો સમાવેશ થાય છે. આટલું જ નહીં, ચાલુ ઓક્ટોબર મહિનાથી જ સરકાર દ્વારા પહેલીવાર રેશનકાર્ડ ધારકોને 'તેલિયા ચોખા'નું વિતરણ કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે અને આ વિશેષ ચોખાનો જથ્થો પણ દુકાનો સુધી સહીસલામત પહોંચી ચૂક્યો છે. આમ છતાં, પુરવઠા વિભાગના પોર્ટલ પર ઓનલાઈન એન્ટ્રી અને તેની પ્રક્રિયા શરૂ ન થઈ શકવાના કારણે દુકાનદારો પાસે પૂરતો માલ હોવા છતાં તેઓ ગ્રાહકોને તેનું વિતરણ કરી શકતા નથી.



આ સ્થિતિના કારણે હવે રેશનિંગ દુકાનો પર સંઘર્ષના દ્રશ્યો સર્જાઈ રહ્યા છે. સમયસર અનાજનો જથ્થો ન મળવાના કારણે આક્રોશિત થયેલા કાર્ડધારકો અને દુકાન સંચાલકો વચ્ચે તીખી બોલાચાલી અને ઘર્ષણનું વાતાવરણ ઊભું થયું છે. સામાન્ય નાગરિકો અને ગ્રાહકોનો સીધો આક્ષેપ છે કે તહેવારોના ટાણે જ સરકારી તંત્રની અદૂરદર્શિતા અને બેદરકારી સામે આવે છે, જેના લીધે પ્રજાએ હેરાનગતિ ભોગવવી પડે છે. બીજી તરફ, દુકાનદારો પણ પોતાની લાચારી વ્યક્ત કરી રહ્યા છે કે ઓનલાઈન એન્ટ્રી અને સિસ્ટમના નિયમો વગર તેઓ ઈચ્છીને પણ અનાજનું વિતરણ કરી શકે તેમ નથી.

તહેવારોના પવિત્ર દિવસોમાં ગરીબ અને મધ્યમવર્ગીય જનતાની હાલાકી દિન-પ્રતિદિન વધતી જોઈને રેશનકાર્ડ ધારકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. લોકો તાકીદે માંગ કરી રહ્યા છે કે સરકાર આ ગંભીર પરિસ્થિતિની નોંધ લે અને સર્વરની ખામી સત્વરે દૂર કરે. જો ઓનલાઈન સિસ્ટમ ટૂંક સમયમાં પૂર્વવત થઈ શકે તેમ ન હોય, તો તહેવારોના દિવસોમાં પ્રજાને મુશ્કેલીમાંથી ઉગારવા માટે સરકારે તાત્કાલિક ધોરણે કોઈ વૈકલ્પિક ઓનલાઈન કે ઓફલાઈન વિતરણ વ્યવસ્થા ઊભી કરવી જોઈએ જેથી ગરીબ પરિવારો તહેવારો ખુશીથી ઉજવી શકે.